# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

મિચ્છામિ દુક્કડમ

Digital Editions

**Year :** 04, **Issue :** 115, Dt. 145-09-2026 (TUESDAY) Rs. 02/- **Page :** 27, RNI No. GUJGUJ/2023/84789


### EMI માટે હેવાનિયતની હદ પાર : લખનઉમાં આરોપી સામે ફરિયાદ દાખલ


# હપ્તો વસૂલવા 'લોહી' વેચાવ્યું!

## યુવાન મોબાઈલનો હપ્તો ભરી ન શક્તા બે લોકો ઉઠાવી બ્લડ બેંકમાં લઈ ગયા

**સિટી ન્યૂઝ@લખનઉ**

લખનઉમાં મોબાઈલનો EMI ન ચૂકવવા પર યુવકને બંધક બનાવીને બ્લડ બેંક લઈ જઈને અને જબરદસ્તીથી લોહી વેચાવીને વસુલી કરવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. દબંગો આટલે થી જ આટક્યા નહીં, પણ યુવકને બંધક બનાવવામાં આવ્યો અને ૫ દિવસ મજૂરી પણ કરાવવામાં આવી. આટલું જ નહીં, તેના ઘરવાળાઓ પાસેથી ૨૭૯૯ રૂપિયા ઓનલાઈન પેમેન્ટ કરાવ્યું. સાથે જ કોઈને ફરિયાદ કરવા પર જાનથી મારી નાખીને ગોમતીમાં ફેંકી દેવાની ધમકી આપી. પીડિત યુવકની માતા તેની ફરિયાદ કરવા નિગોહાં પોલીસ સ્ટેશન પહોંચી તો તેનો આરોપ છે કે તેની ફરિયાદ લેવાનો ઈનકાર કરવામાં આવ્યો. આ પછી તે સોમવારે ડીસીપી દક્ષિણી પાસે પહોંચી. ડીસીપીએ નિગોહાં પોલીસ સ્ટેશનના પ્રભારીને તાત્કાલિક કેસ નોંધી આરોપીઓની ધરપકડ કરવાનો નિર્દેશ આપ્યો. મામલો રાજારામખેડા ગામનો છે. પીડિત યુવકનું નામ નેવલ છે.

પીડિતની માતા વૃદ્ધ જદુરાઈના જણાવ્યા અનુસાર, તેમના નાના પુત્ર નેવલે લગભગ એક વર્ષ પહેલા નિગોહાં કસ્બાની ગીતા મોબાઈલ શોપમાંથી ઝીરો ડાઉન પેમેન્ટ પર મોબાઈલ ખરીદ્યો હતો. એક મહિના પછી હપ્તો બાકી હોવાથી કેટલાક લોકો ઘરે આવ્યા અને મોબાઈલ છીનવીને લઈ ગયા હતા. આરોપ છે કે ગઈ ૮ સપ્ટેમ્બરે બે લોકો સ્કૂટી પર ગામ પહોંચ્યા અને નેવલને ઉઠાવી ગયા. નેવલે જણાવ્યું કે આરોપીઓ તેને લખનઉની એક બ્લડ બેંકમાં લઈ ગયા, જ્યાં તેનું એક યુનિટ લોહી કઢાવવામાં આવ્યું હતું. આ પછી તેને સદર વિસ્તારના એક મકાનમાં બંધક બનાવીને રાખવામાં આવ્યો અને તેની પાસેથી ૫ દિવસ બળજબરીથી મજૂરી કરાવવામાં આવી.





**યુવકને બંધક બનાવીને 5 દિવસ મજૂરી પણ કરાવી**

### સિઝનમાં પહેલીવાર નદીઓ બે કાંઠે વહેતા ખેડૂતો ખુશ

# કચ્છમાં વરસાદનું રેડ એલર્ટઃ માંડવીમાં 8 ઈંચ

**સિટી ન્યૂઝ@ભચાઉ**

આજે સવારના ૬થી બપોરના ૨ વાગ્યા સુધીમાં ૭૧ તાલુકામાં વરસાદ નોંધાયો છે. કચ્છના માંડવીમાં ૭ ઈંચથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. નદીઓ બે કાંઠે વહેવાની સાથે શહેરી વિસ્તારોમાં પણ કમર સુધીના પાણી વહી રહ્યાં છે. આજે કચ્છમાં ધોધમારની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કરાયું છે. શ્રાવણ મહિના દરમિયાન જે વરસાદ વરસવો જોઈએ તે આ વર્ષે જોવા ન મળ્યો. જો કે, ભાદરવાના પ્રારંભે જ ધોધમાર વરસાદનો રાઉન્ડ આવતા ખેડૂતો અને સરકારે થોડી રાહત અનુભવી છે. અત્યાર સુધીમાં રાજ્યમાં ૮૪.૩૮ ટકા વરસાદ વરસી ગયો છે, જ્યારે હજુ પણ ૧૫.૬૨ ટકાની ઘટ વર્તાઈ રહી છે. સૌથી વધુ ૫૦ ટકાની ઘટ કચ્છમાં છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું કે, હાલ રાજ્યમાં લો પ્રેશર, મોંનસૂન ટ્રફ, વેસ્ટન ડિસ્ટર્બન સક્રિય છે, જેથી વરસાદ વરસી રહ્યો છે. આજે અતિભારે વરસાદની આગાહીને લઈ રેડ, ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કરાયું છે. આ ઉપરાંત માછીમારો દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. અમદાવાદ અને ગાંધીનગરમાં સામાન્યથી મધ્યમ વરસાદની સંભાવના છે.

### અભિનેત્રી અને સાંસદ કંગના રનૌતનું નિવેદન

# રાખીને કોઈ સ્વીપરની નોકરીએ પણ નહીં રાખે

» રાખીએ પીએમ મોદી પર વાંધાજનક ટિપ્પણી કરી હતી

**સિટી ન્યૂઝ@મુંબઈ**



અભિનેત્રી અને સાંસદ કંગના રનૌત, રાખી સાવંતના નિવેદન પર ભડકી ઉઠી છે. રાખીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર એક વાંધાજનક ટિપ્પણી કરી હતી, જેના પર કંગનાએ તેમને ઠપકો આપતા કહ્યું છે કે આવા નિવેદનો આપનારાઓને કોઈ સફાઈ કામદારની નોકરી પણ નહીં આપે.

કંગના રનૌતે પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી લખ્યું છે કે, "માત્ર આ (રાખી) જ નહીં, પરંતુ મોટાભાગના નિષ્ફળ અને ઈર્ષાળુ લોકો કોઈ સફળ મહિલાના ચારિત્ર્ય પર કાદવ ઉછાળીને પોતાની ઈર્ષ્યા, અદેખાઈ, નિષ્ફળતા અને હલકી વિચારસરણીને યોગ્ય ઠેરવવાનો પ્રયાસ કરે છે. સાચી મજાની વાત તો એ છે કે કોઈને તારી પાસેથી કંઈ જોઈતું જ નથી. તારા કરેલા બધા ઉપકારો અને ભલામણો જોડી લે, તો પણ તને સ્વીપરની નોકરી પણ નહીં મળે કારણ કે તે નોકરીમાં પણ થોડી કાબિલિયત અને ટેલેન્ટની જરૂર હોય છે.

## NIR દંપતીએ રાજકોટ પોલીસમાં અરજી કરી હતી ત્યારે ભાજપ આગેવાને વચ્ચે રહી ફરિયાદ અટકાવી હતી

# NIR દંપતી સાથે વકીલની છેતરપિંડી ભાજપ નેતાની હાજરીમાં રૂપિયા દેવાનું સમાધાન કરી 'ઠેંગો' દેખાડ્યો




**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં રહેતા એક વકીલ દ્વારા NRI દંપતીને મિલકતમાં રોકાણ કરાવવાની વાત કહી તેમના સાથે આશરે ૧ કરોડની કથિત છેતરપિંડી કરવામાં આવી હોવાનો આક્ષેપ સામે આવ્યો છે. દંપતીના જણાવ્યા મુજબ, વકીલે વિશ્વાસમાં લઈ રોકાણ કરવાથી રકમ બમણી કરી આપવાની ખાતરી આપી હતી.

સમય જતાં દંપતીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થતાં તેઓ લંડનથી રાજકોટ આવ્યા હતા અને વકીલ વિરુદ્ધ પોલીસમાં અરજી કરી હતી.

દરમિયાન ભાજપના એક આગેવાને મધ્યસ્થી કરી પોલીસની હાજરીમાં મામલો સમાધાનથી ઉકેલવાનો પ્રયાસ કર્યો હતો.

આ સમાધાન દરમિયાન છ મહિનાની અંદર NRI દંપતીને રકમ પરત ચૂકવવાનો લેખિત કરાર કરવામાં આવ્યો હોવાનો દંપતીનો દાવો છે. જોકે, બે દિવસ અગાઉ છ મહિનાની સમયમર્યાદા પૂર્ણ થઈ ગઈ હોવા છતાં કથિત રીતે વકીલ દ્વારા ફોનનો જવાબ આપવામાં આવતો નથી.

દંપતીના જણાવ્યા મુજબ, ભાજપના આગેવાને પણ રકમ અપાવવાની વાત કરી હતી, પરંતુ હજુ સુધી કોઈ સંતોષકારક જવાબ મળ્યો નથી.

પરિણામે હવે NRI દંપતીએ ફરીથી પોલીસ ફરિયાદ નોંધાવવાનો નિર્ણય લીધો છે.

પોલીસની હાજરીમાં સમાધાન અને લેખિત કરાર થયા હોવા છતાં રકમ પરત ન મળતાં મામલો વધુ ગંભીર બન્યો છે. આગામી દિવસોમાં રાજકોટના વકીલ સામે પોલીસ ફરિયાદ નોંધાય તેવી શક્યતા છે.

> **NIR દંપતીને વકિલે અમારી મિલકતમાં રૂપિયા રોક્યા તો એકના ડબલ કરવાની ગેરંટી આપી હતી**

# હોસ્ટેલોમાં જમવાનું ગંદુ-ગોબરૂ

## રાજકોટની એમ.જી હોસ્ટેલમાં

# શાકમાં મરેલું જીવડું, સડેલા ડુંગળી-બટેટા !

### અસ્વચ્છ ભોજન મામલે છાત્રોનો હંગામો; બેદરકાર કોન્ટ્રાક્ટરનાં કોન્ટ્રાક્ટને રદ્દ કરવા રજૂઆત



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના કાલાવડ રોડ પરની એમ.જી. હોસ્ટેલમાં ભોજનની ગુણવત્તા અને હાઈજીન કન્ડિશન જાળવવા મામલે વિદ્યાર્થીઓમાં છેલ્લા ઘણા સમયથી ભારે રોષ જોવા મળી રહ્યો છે. વિદ્યાર્થીઓએ જમવામાં ભારે અસ્વચ્છતા હોવાના ગંભીર આરોપો લગાવ્યા છે. ત્યારે આજે બપોરે જમતી વખતે શાકમાં મરેલું જીવડું નીકળવાની સાથે જ સડેલી ડુંગળી-બટેટા વાપરવામાં આવતા હોવાના આક્ષેપ સાથે છાત્રોએ હોબાળો મચાવ્યો હતો. વિદ્યાર્થીઓએ વિરોધ નોંધાવી તાત્કાલિક અસરથી ભોજનનો કોન્ટ્રાક્ટ રદ્દ કરવાની માગ કરી છે.હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થી કરણ કંટારિયાએ કહ્યું કે, આજે (૧૫ સપ્ટેમ્બર) બપોરે મારી ડિશમાંથી જીવડું નીકળ્યું હતું. અમે અગાઉ પણ ફૂડ હાઈજીન મામલે વારંવાર રજૂઆતો કરી છે, છતાં અધિકારીઓ દ્વારા કોઈ સખત પગલાં લેવાયા નથી. રસોડાની હાલત ખૂબ જ ખરાબ છે અને હાઈજીન જરાય મેન્ટેન થતું નથી. જીવડું નીકળ્યા બાદ પણ જવાબદારો માત્ર રજૂઆત કરવાનું કહીને આખો મામલો દબાવી રહ્યા છે. વિદ્યાર્થીઓના આરોગ્ય સાથે ચેડાં થઈ રહ્યા હોવાથી આ કોન્ટ્રાક્ટર સામે સખત પગલાં લેવામાં આવે અથવા તેનો કોન્ટ્રાક્ટ પાછો ખેંચવામાં આવે તેવી અમારી માગ છે.એમ.જી. હોસ્ટેલના અન્ય વિદ્યાર્થી વાંજા હિરેને આક્ષેપ કરતા જણાવ્યું કે, અહીં વારંવાર નબળી ગુણવત્તાના ભોજન સહિતના પ્રશ્નો બને છે. રજૂઆત કરવા છતાં અધિકારીઓ કોઈ એક્શન લેતા નથી. અહીં આશાપુરા કોન્ટ્રાક્ટરનો કોન્ટ્રાક્ટ છે, પરંતુ કોન્ટ્રાક્ટર હાજર રહેતા નથી અને તેના માણસો કોઈ જવાબદારી લેતા નથી.

## રાજકોટ સ્થિત સમરસ હોસ્ટેલમાં

# કાચી રોટલી ખાવાથી પેટમાં દુઃખાવાની સમસ્યા

### 7 દિવસમાં 5 દિવસ માત્ર બટેટાનું શાક પિરસાતું હોવાની રાવ ઉઠી



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ સ્થિત સમરસ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને પીરસાતા ભોજનની ગુણવત્તાને લઈને ભારે હોબાળો મચી ગયો છે. TV૯ના રિયાલિટી ચેક દરમિયાન હોસ્ટેલના છાત્રોએ ભોજન અંગે ગંભીર આપવીતી રજૂ કરી હતી.

વિદ્યાર્થીઓનો મુખ્ય આરોપ છે કે તેમને પીરસાતી રોટલીઓની કિનારીઓ કાચી રહે છે, જેના કારણે નિયમિત પેટમાં દુખાવાની સમસ્યા સર્જાય છે.

વધુમાં, સપ્તાહના ૭ દિવસમાંથી ૫ દિવસ માત્ર બટેટાનું શાક જ પિરસાતું હોવાની રાવ પણ સામે આવી છે.

આ વિવાદ વધુ વકરતાં આરોગ્ય વિભાગ અને સમાજ કલ્યાણ વિભાગના ઉચ્ચ અધિકારીઓની ટીમે તાત્કાલિક હોસ્ટેલના રસોડાની મુલાકાત લીધી હતી. તપાસ દરમિયાન રસોડા પરિસરમાં સ્વચ્છતા યોગ્ય જણાઈ હતી, પરંતુ વિદ્યાર્થીઓની ફરિયાદને ગંભીરતાથી લઈને તંત્રએ મેસ સ્ટાફને રોટલી સહિતના તમામ ખાદ્ય પદાર્થોની ગુણવત્તા સુધારવા કડક સૂચના આપી છે. અધિકારીઓએ વિદ્યાર્થીઓની ફરિયાદોનો તાત્કાલિક ઉકેલ લાવવા અને પૌષ્ટિક આહાર આપવાની તાકીદ કરી છે. સવાલ તો ત્યાં ઊભો થાય છે કે હોસ્ટેલમાં માત્ર ગુજરાતના જ નહીં પણ રાજ્ય બહારના વિદ્યાર્થીઓ પણ અભ્યાસ અર્થે આવે છે, જ્યાં હોસ્ટેલ અને યુનિવર્સિટી તંત્ર વિદ્યાર્થીઓ પાસેથી પૂરેપૂરી ફી વસૂલે છે પરંતુ સુવિધાના નામે માત્ર ઠેંગો જ બતાવે છે; જ્યારે પોતાના બાળકોને મોંઘી ખાનગી યુનિવર્સિટીઓમાં ભણાવી તમામ સગવડો પૂરી પાડતા આવા સંચાલકોને સરકારી યોજના હેઠળ આવતા સામાન્ય જનતાના સંતાનો ભલે બીમાર પડે તેનાથી કોઈ લેવાદેવા હોતી નથી,

તેમને માત્ર સમયસર નાણાં મળવાથી જ મતલબ હોય છે. જે રીતે વિદ્યાર્થીઓ રોજ બટેટાનું શાક અને અડધી કાચી-પાકી રોટલી પીરસાતી હોવાની ફરિયાદ કરી રહ્યા છે, તેના પરથી સમજી શકાય છે કે ઘરથી સેંકડો કિલોમીટર દૂર રહી માતાના હાથના ભોજનથી વંચિત આ યુવાનો કેવી લાચારી વચ્ચે આવું અખાદ્ય ભોજન ખાવા મજબૂર બન્યા હશે, ત્યારે મોટો પ્રશ્ન એ થાય છે કે શું આ સંવેદનહીન તંત્રને વિદ્યાર્થીઓની આવી દયનીય હાલતથી કોઈ ફરક પડશે ખરો?

## મેઘ મહેર 12 કલાકમાં 259 તાલુકામાં વરસાદ 1 થી 5 ઈંચથી વધુ ખાબક્યો

# ‘વરસાદે’ આપ્યું ગુજરાતને ‘નવજીવન’

### અંજારમાં 8 ઈંચ, વલ્લભીપૂરમાં 6 ઈંચ, ગીર સોમનાથની હિરલ નદીમાં પૂર, ઉનામાં ઘરોમાં પાણી ઘૂસ્યા



| સવારના 6થી 10 કલાકનો વરસાદ | |
|---|---|
| તાલુકો | વરસાદ (ઈંચ) |
| માંડવી (કચ્છ) | 6.22 |
| મુન્દ્રા | 1.22 |
| ભુજ | 1.18 |
| ખંભાળિયા | 0.87 |
| અબડાસા | 0.71 |
| લખપત | 0.67 |
| ગાંધીધામ | 0.63 |
| નખત્રાણા | 0.59 |
| અંજાર | 0.55 |
| સુરત શહેર | 0.51 |

| છેલ્લા 24 કલાકમાં | |
|---|---|
| તાલુકો | વરસાદ (ઈંચ) |
| અંજાર | 7.24 |
| વલ્લભીપુર | 6.1 |
| જામનગર | 5.59 |
| બોરસદ | 5.51 |
| ઉના | 5.43 |
| કોટડા સાંગાણી | 5.2 |
| ગાંધીધામ | 4.61 |
| ભચાઉ | 4.41 |
| કડી | 4.29 |
| કરજણ | 4.29 |
| સુરત શહેર | 4.17 |
| બોટાદ | 4.17 |
| ધોળકા | 4.13 |
| નડિયાદ | 4.06 |
| ભરૂચ | 3.94 |
| તાલાલા | 3.86 |
| મેઘરજ | 3.78 |
| ગોંડલ | 3.74 |
| હાંસોટ | 3.62 |
| વાગરા | 3.58 |
| ભેસાણ | 3.54 |
| ગઢડા | 3.54 |
| મુન્દ્રા | 3.54 |
| દસક્રોઈ | 3.5 |
| પાલીતાણા | 3.46 |
| લખતર | 3.46 |
| અમદાવાદ શહેર | 3.43 |
| ગોધરા | 3.39 |
| ઉમરાળા | 3.31 |
| ભુજ | 3.31 |
| માળીયા હાટીના | 3.27 |
| કુતિયાણા | 3.27 |
| માતર | 3.23 |
| અંકલેશ્વર | 3.15 |
| તારાપુર | 3.15 |
| વિજાપુર | 3.11 |
| ગણદેવી | 3.07 |
| સાણંદ | 3.03 |
| લખપત | 3.03 |

## આજી–2ના બે દરવાજા ખોલાયા, પડધરીના 10 ગામ હાઈએલર્ટ પર : ગુજરાતમાં હજુ 17% વરસાદની ઘટ



### રાજ્યના 35 જળાશયો હાઈએલર્ટ પર

## નર્મદા ડેમ 94.74% ભરાયો


રાજ્યમાં હાલમાં મેઘરાજાની કૃપા અવિરતપણે વરસી રહી છે, જેના કારણે રાજ્યભરમાં વરસાદી માહોલ જામ્યો છે. સાર્વત્રિક અને ભારે વરસાદને કારણે સમગ્ર રાજ્યમાં અત્યાર સુધીમાં સીઝનનો સરેરાશના ૮૦.૨૩ ટકા જેટલો નોંધપાત્ર વરસાદ વરસી ચૂક્યો છે. ગુજરાતની જનતા માટે આશીર્વાદરૂપ એવો સરદાર સરોવર નર્મદા ડેમ તેની જળસપાટીના ભરાવ સાથે ૯૪.૭૪ ટકા જેટલો ભરાઈ ગયો છે. રાજ્યમાં પડી રહેલા સારા વરસાદના પગલે ખેતીની જીવાદોરી સમાન જળાશયોમાં પાણીની આવકમાં ઉત્તરોત્તર મોટો વધારો થયો છે. આ ઉપરાંત, રાજ્યના અન્ય કુલ ૨૦૬ જળાશયોમાં હાલ ૬૬.૯૯ ટકા જેટલો પાણીનો સંગ્રહ નોંધાયો છે, જે આગામી દિવસોમાં પીવાના અને સિંચાઈના પાણીની જરૂરિયાતો માટે ખૂબ જ રાહતજનક સમાચાર છે. જળાશયોમાં સતત થઈ રહેલી પાણીની આવક અને જળસપાટીમાં થતા વધારાને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા વિશેષ સાવચેતી રાખવામાં આવી રહી છે.

**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

આજે સવારના ૬થી ૧૦ વાગ્યા સુધીમાં ૪૨ તાલુકામાં વરસાદ નોંધાયો છે. કચ્છના માંડવીમાં છેલ્લી બે કલાકમાં ૫ ઇંચ વરસાદથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. તો હવામાન વિભાગ દ્વારા આગામી ત્રણ કલાક એટલે કે, બપોરે ૧ વાગ્યા સુધી કચ્છ, દ્વારકા, જામનગર, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ અને દીવમાં ભારેથી અતિભારે વરસાદને પગલે રેડ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે રાજકોટ, મોરબી અને અમરેલીમાં ભારે વરસાદની આગાહી સાથે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. બાકીના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદનું યલો એલર્ટ છે. ગુજરાત પર અત્યારે એક્ટિવ સિસ્ટમ ટ્રફ, લો-પ્રેશર સિસ્ટમ, મોન્સૂન ટ્રફ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ચોમાસું સક્રિય બન્યું છે. આજે પણ સૌરાષ્ટ્ર-કચ્છમાં ભારે વરસાદને લઈને કેટલાક જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અમદાવાદમાં આજે સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેશે અને ભારે વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે. જોકે, બીજા દિવસથી એટલે કે, ૧૬ સપ્ટેમ્બર પછી વરસાદની તીવ્રતામાં ઘટાડો થશે અને મોટાભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં જ જોવા મળશે. માછીમારો અને નીચાણવાળા વિસ્તારના લોકોને સાવચેત રહેવા વિનંતી કરવામાં આવી છે. ૧૨ સપ્ટેમ્બરથી રાજ્યમાં શરૂ થયેલી વરસાદની બીજી ઈનિંગ ધમાકેદાર રહી. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૨૫૯ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ કચ્છના અંજારમાં ૭.૨૪ ઈંચ, ભાવનગરના વલ્લભીપુરમાં ૬. ૧૦ ઈંચ વરસાદ ખાબક્યો છે. ૧૪ તાલુકામાં ૪ ઈંચથી વધુ, તો ૨૬ તાલુકામાં ૩ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. જ્યારે બાકીના તાલુકાઓમાં ૧ મિમીથી લઈને ૩ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો. અત્યાર સુધીમાં રાજ્યમાં ૮૪.૩૮ ટકા વરસાદ વરસી ગયો છે, જ્યારે હજુ પણ ૧૫.૬૨ ટકાની ઘટ વર્તાઈ રહી છે. શ્રાવણ મહિના દરમિયાન જે વરસાદ વરસવો જોઈએ તે આ વર્ષે જોવા ન મળ્યો. જો કે, ભાદરવાના પ્રારંભે જ ધોધમાર વરસાદનો રાઉન્ડ આવતા ખેડૂતો અને સરકારે રાહત અનુભવી છે. છેલ્લા ત્રણ દિવસ દરમિયાન વરસેલા નોંધપાત્ર વરસાદ બાદ પણ રાજ્યમાં સરેરાશ ૧૭ ટકા વરસાદની ઘટ વર્તાઈ રહી છે. રાજ્યમાં સિઝનનો સરેરાશ વરસાદ ૮૦ ટકા વરસી ચૂક્યો છે, પરંતુ સૌરાષ્ટ્ર-કચ્છમાં હજી પણ ચિંતાના વાદળો જ ઘેરાયેલા છે.

# ખાલિસ્તાની ગ્રુપના નામે રાજકોટની કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની મળી ધમકી

- વાડીનાર પોર્ટથી ન્યારા રિફાઇનરી–સિક્કા પોર્ટથી જામનગર સુધી ડ્રોન હુમલાની ધમકી
- રાજકોટ કોર્ટ–બાર એસોસિએશનના ઓફિશિયલ એડ્રેસ પર આવ્યા મેઈલ







**સિટી ન્યૂઝ@રાજકોટ**

ખાલિસ્તાની ગ્રુપના નામે રાજકોટની કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી ભર્યો ઈમેઈલ આજે સવારે ૧૦ વાગ્યની આસપાસ મળ્યો છે. કોર્ટ ઉપરાંત વાડીનાર પોર્ટથી ન્યારા રિફાઇનરી અને સિક્કા પોર્ટથી જામનગર સુધી ડ્રોન હુમલાની પણ ધમકી અપાઈ છે. રાજકોટ બાર એસો. પ્રમુખ સુમિત વોરાએ જણાવ્યું કે, આ મેઈલ કોર્ટના ઓફિસિયલ ઈ-મેઈલ એડ્રેસ ઉપરાંત રાજકોટ બાર એસો.ના ઈ-મેઈલ એડ્રેસ ઉપર પણ મળ્યો છે. રાજકોટ બાર એસો. પ્રમુખે કોર્ટ અધિકારીઓનું ધ્યાન દોર્યું હતું. કોર્ટ અધિકારીઓ દ્વારા પોલીસને જાણ કરવામાં આવી છે. મેઈલમાં કેનેડાના ખાલિસ્તાની નેતાઓ બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ (બી.કે.આઈ.) સંગઠનના નેતાઓના નામ પણ લખાયા છે.આ ઈમેલ આજે સવારે ૧૦૦૩ મિનિટે રાજકોટ ડિસ્ટ્રીક કોર્ટના ઓફિસિયલ યળફશહ એડ્રેસ તેમજ રાજકોટ ૧૨ એસોસિએશનના સત્તાવાર ઈમેલ એડ્રેસ ઉપર મળ્યો હતો. જેમાં લખાયું છે કે, ગુજરાત પણ ખાલીસ્તાન જિંદાબાદ બોલશે. રાજકોટ ડિસ્ટ્રિક્ટ કોર્ટ ખાતે બોમ્બ બ્લાસ્ટ બપોરે ૩૧૧ વાગ્યે થશે. હિન્દુસ્તાનની મોદી - શાહ સરકારને ખતમ કરવા ડ્રોનથી હુમલો કરાશે. વાડીનાર બંદરથી ન્યારા રાઈફાઈનરી અને સિક્કા બંદરથી જામનગર સુધી ડ્રોન ધમાકા થશે. વર્લ્ડ ફોરમ મહાત્મા મંદિર સેન્ટર ખાતે પણ આઈફોન બેટરીમાંથી બોમ્બે ધમાકા થશે. જે ૧૫ - ૧૬ સપ્ટેમ્બર ૪૧૧ કલાકે થશે. ખાલિસ્તાનનો ઝંડા પણ આવશે.પોર્ટ અને રિફાઇનરીના હુમલા માટે ૧૮ તારીખની ધમકી છે. પંજાબ આઝાદ થશે તેવું લખાણ મેઈલમાં લખાયું છે. મેઈલમાં કેનેડાના ખાલિસ્તાની નેતાઓ બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ (બી.કે.આઈ.) સંગઠનના નેતાઓ ગુરનખ સિંહ, રૂકન શાહવાલા, ડો. ગુરનિર્વૈર સિંહ, ખાન રાજદા બબ્બર ખાલસા (પરમાર-કેનેડા), પ્રો. ગુરકાલ સિંહ પીએચડી, ખેમ કરણ, ગુરંગાર સિંહ જંડિયાલા ગુરુ ના નામોનો પણ ઉલ્લેખ છે.

### રાહતના સમાચાર; દૈનિક પાણી વિતરણ જાળવી રાખવા ન્યારી–1 બાદ હવે

# આજી ડેમમાં નર્મદાના પાણીની આવક શરૂ થતાં જ 6 દિવસના પાણીકાપની જાહેરાત



**હવે પાણી આવતા રાજકોટમાં પાણીની મુશ્કેલી નહીં પડે**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં ચાલુ વર્ષે ખૂબ ઓછો વરસાદ પડ્યો છે. આ કારણે શહેરીજનોને દૈનિક ૨૦ મિનિટ પાણી વિતરણનો ક્રમ જાળવી રાખવા માટે મનપા સંપૂર્ણપણે નર્મદાનાં નીર ઉપર જ આધારિત છે. તાજેતરમાં મેયર ડો. નેહલ શુક્લ દ્વારા શહેરના બે મુખ્ય જળાશયો આજી-૧ અને ન્યારી- ૧માં મળી ૪૦૦૦ MCFT નર્મદાના નીર આપવા રાજ્ય સરકાર પાસે માંગ કરી હતી. જોકે હાલ આજીમાં ચાલુ મહિનાના અંત સુધી અને ન્યારીમાં ઓક્ટોબર મહિના સુધી ચાલે તેટલું પાણી છે. છતાં રાજ્ય સરકારે મેયરની રજુઆતને ધ્યાનમાં રાખીને ન્યારી-૧માં નર્મદાનાં નીર ઠાલાવવાનું શરૂ કરી દીધું હતું. પરંતુ કોઈ કારણોસર આજીડેમમાં સૌની યોજનાનાં નીર અપાતા નહોતા. આ કારણે આજીડેમની સપાટી ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ હતી. જોકે બાબતને ગંભીરતાથી લઈ સિંચાઈ વિભાગ દ્વારા આજથી જ આજી-૧ ડેમમાં પણ નર્મદાના નીર ઠાલાવવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. હાલમાં દરરોજ ૭-૮ MCFT નર્મદાનાં નીર આજીડેમમાં અને દરરોજ ૫-૬ MCFT નીર ન્યારીડેમમાં ઠાલવવાનું શરૂ કરવામાં આવ્યું હોવાનું ઈજનેર કે. પી. દેથરીયાએ દિવ્યભાસ્કર સાથેની ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું છે. ત્યારે હવે રાજકોટવાસીઓની પાણીની મુશ્કેલી દૂર થશે તે નિશ્ચિત બન્યું છે.

રાજ્ય સરકારે પણ આ રજૂઆતને ગંભીરતાથી લઈને પ્રાથમિક તબક્કે ન્યારી-૧ ડેમમાં નર્મદાના નીર ઠાલવવાનું શરૂ કરી દીધું હતું. જોકે ટેકનિકલ કે અન્ય કારણોસર આજી-૧ ડેમમાં સૌની યોજના મારફતે પાણી આપવાનું બાકી રહી ગયું હતું. આના કારણે આજી-૧ ડેમની સપાટી દિન-પ્રતિદિન ઘટતી ગઈ અને ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ હતી. જો સમયસર પાણી આપવામાં ન આવ્યું હોત તો આજી ડેમ પર આધારિત વિસ્તારોમાં જળકાપ કે વિતરણ ખોરવાઈ જવાની ભીતિ સેવાઈ રહી હતી. પરંતુ પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સિંચાઈ વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે આજી-૧ ડેમમાં પણ સૌની યોજના હેઠળ નર્મદાના નીર ઠાલવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ વિકટ પરિસ્થિતિમાં શહેરીજનોને દૈનિક ૨૦ મિનિટ પૂરતું પાણી વિતરણ જાળવી રાખવા માટે રાજકોટ મહાનગરપાલિકા સંપૂર્ણપણે નર્મદાના નીર પર નિર્ભર બની ગઈ છે.

# રાજકોટ-શહેરમાં ભરચોમાસે અલગ અલગ વિસ્તારોમાં પાણીકાપની જાહેરાત



મનપા દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં છ દિવસ પાણીકાંપની જાહેરાત કરવામાં આવી છે. ૧૬ અને ૧૭ તારીખે સામાકાંઠા વિસ્તારમાં પાણીકાંપ ઝીંકાયો છે. ૧૬ તારીખે ઈસ્ટ ઝોનના વોર્ડ નંબર ૫, ૧૭ તારીખે ઈસ્ટ ઝોન વોર્ડ નંબર ૪માં પાણીકાપ ઝીંકાયો છે. ૧૮ તારીખે ત્રણેય ઝોનના અલગ અલગ વિસ્તારોમાં પાણીકાપ, વોર્ડ નંબર ૧,૨,૩,૭,૯,૧૦,૧૧,૧૨,૧૩ના રૈયાધાર,જ્યુબેલી,જંકશન પ્લોટ,ગાંધાગ્રામ અને મવડી વિસ્તારમાં પાણીકાપ, ૧૯ તારીખે ત્રણેય ઝોનના અલગ અલગ વિસ્તારોમાં પાણીકાપ, વોર્ડ નંબર ૨,૪,૮,૯,૧૦,૧૧,૧૩,૧૫,૧૬ અને ૧૮ નંબરના વોર્ડના રૈયાધાર,ચંદ્રેશનગર,૧૫૦ફૂટ રિંગરોડ,બેડીપરા સહિતના વિસ્તારોમાં પાણીકાપ, ૨૦ તારીખે ત્રણેય ઝોનમાં પાણી કાપ, વોર્ડ નંબર ૧,૨,૩,૬,૭,૮,૧૦,૧૧,૧૨,૧૫,૧૭,૧૮ નંબરના વોર્ડના અલગ અલગ વિસ્તારોમાં પાણીકાપ, ૨૧ તારીખે વોર્ડ નંબર ૮,૯,૧૦,૧૧,૧૨,૧૩ અને ૧૮ નંબરના વોર્ડના અલગ અલગ વિસ્તારોમાં પાણીકાપ, નર્મદાની મુખ્ય પાઈપલાઈનમાં મેન્ટેનન્સની કામગીરી હોવાથી પાણીકાપની જાહેરાત, ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લી. કંપની દ્વારા ૧૮ થી ૨૦ સપ્ટેમ્બર સુધી સટડાઉનની જાહેરાત કરતા પાણી વિતરણ વ્યવસ્થા ખોરવાશે.

### સંવત્સરીનો સાચો સંદેશ એ છે કે આપણે કેટલા લોકોને મેસેજ મોકલ્યા ? કરતા પહેલા કેટલા સબંધોમાંથી વેરભાર દૂર કર્યો ? એવો પ્રશ્ન પોતાને પૂછીએ...

# સંવત્સરીના દિવસે કેમ કહેવાય છે મિચ્છામી દુક્કડમ !

**સિટી ન્યૂઝ@રાજકોટ**

જૈન ધર્મમાં પર્યુષણ મહાપર્વને આત્મશુદ્ધિ, સંયમ, તપ, સ્વાધ્યાય અને ક્ષમાની સાધનાનો વિશેષ સમય માનવામાં આવે છે. શ્વેતાંબર પરંપરામાં આ પર્વનો અંતિમ અને અત્યંત મહત્વનો દિવસ 'સંવત્સરી' તરીકે ઓળખાય છે. આ દિવસે જૈન શ્રાવક-શ્રાવિકાઓ વર્ષ દરમિયાન મન, વચન અને કાયાથી થયેલા દોષોનું આત્મનિરીક્ષણ કરે છે, પ્રતિક્રમણ કરે છે અને જાણતાં કે અજાણતાં કોઈ જીવને દુખ પહોંચાડ્યું હોય તો તેની ક્ષમા માગે છે.જૈન પરંપરામાં સંવત્સરી પ્રતિક્રમણને વાર્ષિક આત્મપરીક્ષણની વિશેષ સાધના તરીકે જોવામાં આવે છે. JAINAના સંદર્ભ મુજબ શ્વેતાંબર જૈનો માટે આ આઠ દિવસના પર્યુષણનો અંતિમ દિવસ છે અને આ દિવસે વાર્ષિક પ્રતિક્રમણ સાથે એવા લોકો પાસે ક્ષમા માગવાની પરંપરા છે, જેમને પોતાના કોઈ વિચાર, શબ્દ કે વર્તનથી દુખ પહોંચ્યું હોય. એટલે સંવત્સરીનો મૂળ સંદેશ માત્ર ધાર્મિક વિધિ પૂરી કરવાનો નથી; તે પોતાના અંતરમાં નજર નાખવાનો દિવસ છે. આખા વર્ષ દરમિયાન સંબંધોમાં ક્યાં કડવાશ આવી, ક્યાં ક્રોધ થયો, ક્યાં અહંકાર બોલ્યો, ક્યાં અસત્ય કે કપટનો આશરો લીધો, ક્યાં કોઈ જીવને જાણતાં-અજાણતાં નુકસાન પહોંચાડ્યું - આ બધું યાદ કરીને પોતાની ભૂલ સ્વીકારવી અને તેને સુધારવાની દિશામાં આગળ વધવું એ સંવત્સરીના ભાવનું કેન્દ્ર છે. સંવત્સરીને સમજવા માટે 'ક્ષમા'ને માત્ર કોઈને 'સોરી' કહેવાની સામાન્ય સામાજિક પ્રક્રિયા તરીકે જોવી યોગ્ય નથી. જૈન દર્શનમાં ક્ષમા આત્માની આંતરિક શુદ્ધિ સાથે જોડાયેલી છે. ગુસ્સો, માન, માયા અને લોભ જેવા કષાયો વ્યક્તિને અંદરથી અશાંત બનાવે છે અને સંબંધોમાં અંતર ઊભું કરે છે. સંવત્સરી આ કષાયોને ઓળખીને તેમની સામે જાગૃતિ લાવવાનો અવસર આપે છે. JAINAના પ્રતિક્રમણ માર્ગદર્શનમાં પણ ક્ષમાપનાને શરીર, વાણી અને મનના સ્તરે કરવામાં આવતી આંતરિક પ્રક્રિયા સાથે જોડવામાં આવી છે અને 'ખામેમિ સવ્વે જીવા, સવ્વે જીવા ખમંતુ મે'નો ભાવ તમામ જીવોને ક્ષમા આપવા અને પોતાની ભૂલો માટે ક્ષમા માગવાનો છે. આથી સંવત્સરીના દિવસે કોઈ વ્યક્તિને માત્ર ઔપચારિક રીતે 'મિચ્છામી દુક્કડમ' કહી દેવું અને મનમાં જૂનો રોષ જાળવી રાખવો એ આ પરંપરાના મૂળ ભાવથી વિરુદ્ધ છે. સાચી ક્ષમાપના ત્યાંથી શરૂ થાય છે જ્યાં વ્યક્તિ પોતાનો અહંકાર થોડો બાજુએ મૂકે છે, પોતાની ભૂલ સ્વીકારે છે અને સામેની વ્યક્તિ પ્રત્યેના વેરભાવને છોડવાનો પ્રયાસ કરે છે. ક્ષમા માગવી જેટલું મહત્વનું છે, એટલું જ મહત્વનું બીજાને હૃદયથી ક્ષમા કરવું પણ છે. 'મિચ્છામી દુક્કડમ' જૈન પરંપરામાં સૌથી વધુ પ્રચલિત ક્ષમાપનાના શબ્દોમાંનું એક છે, પરંતુ તેનો અર્થ માત્ર 'મને માફ કરજો' એટલો સરળ નથી. જૈન સંદર્ભોમાં તેને પ્રાકૃત પરંપરાના શબ્દસમૂહ તરીકે સમજાવવામાં આવે છે, જેમાં 'દુક્કડમ'નો સંબંધ દુષ્કૃત અથવા ખોટા કર્મ સાથે અને 'મિચ્છામી'નો ભાવ નિષ્ફળ કે ફળહીન થવા સાથે જોડાય છે. JAINAના સ્પષ્ટીકરણ પ્રમાણે તેનો ભાવ એવો છે કે 'મારા દ્વારા થયેલા ખરાબ કર્મો નિષ્ફળ થાઓ' અથવા મેં કોઈને નુકસાન પહોંચાડ્યું હોય તો તે દોષ ક્ષમાથી ફળહીન બને. એટલે જ્યારે કોઈ જૈન બીજા વ્યક્તિને 'મિચ્છામી દુક્કડમ' કહે છે ત્યારે તે મૂળભૂત રીતે પોતાના દ્વારા થયેલા સંભવિત દોષની જવાબદારી સ્વીકારવાનો ભાવ વ્યક્ત કરે છે. આ દોષ માત્ર કોઈને મારવા કે નુકસાન પહોંચાડવા પૂરતો સીમિત નથી. મનમાં જન્મેલો દ્વેષ, વાણીથી અપમાન, કડવા શબ્દો, અહંકારથી કરેલું વર્તન, કપટ, છેતરપિંડી અથવા કોઈ જીવને કષ્ટ પહોંચાડે તેવું કાર્ય - જૈન નૈતિકતાના વ્યાપક સંદર્ભમાં આ બધું આત્મનિરીક્ષણનો વિષય બની શકે છે. તેથી 'મિચ્છામી દુક્કડમ' એક શુભેચ્છા સંદેશ કરતાં વધુ એક આત્મસ્વીકાર છે.'પ્રતિક્રમણ'નો મૂળ ભાવ પોતાના માર્ગ પરથી થયેલા અતિક્રમણમાંથી પાછા ફરવાનો છે. એટલે કે વ્યક્તિ પોતાના વર્તન તરફ પાછી નજર કરે છે અને વિચારે છે કે મેં મારા ધાર્મિક સંકલ્પો, નૈતિક મૂલ્યો અથવા અન્ય જીવ પ્રત્યેની જવાબદારીમાં ક્યાં ભંગ કર્યો. JAINAના સંદર્ભ મુજબ પ્રતિક્રમણ દરમિયાન જૈન શ્રાવકો પોતાના વર્તન અને વ્રતોમાં થયેલા ભંગનું નિરીક્ષણ કરે છે, તેના માટે ક્ષમા માગે છે અને ભવિષ્યમાં વધુ સજાગ રહેવાનો પ્રયાસ કરે છે. દૈનિક પ્રતિક્રમણ ઉપરાંત પાક્ષિક, ચૌમાસી અને વાર્ષિક સંવત્સરી પ્રતિક્રમણની પરંપરાનો પણ ઉલ્લેખ મળે છે. અહીં એક મહત્વની વાત સમજવી જરૂરી છે - પ્રતિક્રમણનો હેતુ માત્ર લાંબા સૂત્રોનું પઠન કરવો નથી. સૂત્રોનું પઠન ધાર્મિક પરંપરાનો મહત્વનો ભાગ છે, પરંતુ તેની પાછળ આત્મનિરીક્ષણ, પસ્તાવો અને સુધારાની ભાવના હોય ત્યારે જ તેની આધ્યાત્મિક અસરનો મૂળ હેતુ પૂર્ણ થાય છે. એટલે સંવત્સરી પ્રતિક્રમણ વ્યક્તિને પૂછે છે કે 'મેં શું બોલ્યું?' કરતાં પણ આગળ વધીને 'મારા શબ્દોથી કોને દુખ થયું?', 'મારા વર્તનથી કોને અન્યાય થયો?' અને 'આ ભૂલ ફરી ન થાય તે માટે હું શું બદલીશ?' જેવા પ્રશ્નો પોતાની સામે મૂકવા.જૈન આધ્યાત્મિક વિચારધારામાં પ્રતિક્રમણના બાહ્ય અને આંતરિક બંને પાસાંને સમજવાની જરૂર છે. માત્ર શબ્દોનું ઉચ્ચારણ થઈ જાય, પરંતુ મનમાં પોતાની ભૂલ અંગે કોઈ ખેદ કે પરિવર્તનની ઇચ્છા ન હોય તો પ્રતિક્રમણની આંતરિક ભાવના અધૂરી રહી શકે છે.



**મિચ્છામી દુક્કડમ માત્ર માફ કરજો નહીં ક્ષમા સાથે આત્મશુદ્ધિનો સંદેશ**

# મિચ્છામિ દુક્કડમ
# સૌ જીવો પ્રત્યે મૈત્રીભાવ

## સવંત્સરી એટલે અંતરના અરીસાને ચોખ્ખો કરવાનું પર્વ

### કોઈ પણ જીવને મન–વચન કાયાથી અર્થાત શરીરથી પીડા ન પહોંચાડીએ

આપણા કેલેન્ડરમાં સાત વાર હોય છે. પણ આપણા ધાર્મિક પંચાંગ પ્રમાણે સાતે સાત વાર તહેવાર હોય છે. અને ૩૬૫ દિવસ ધર્મ આરાધના અને આનંદનો વાર હોય છે. ૩૬૫ દિવસનું વર્ષ એક સંવત્સર કહેવાય છે. દરેક વેપારી વર્ષમાં એકવાર ચોપડો ચોખ્ખો કરે છે.આજે સંવત્સરી પર્વ છે. પર્યુષણ પર્વનો મુખ્ય દિવસ છે. આ દિવસને આપણે મિચ્છામિ દુક્કડમ પર્વ કહીએ છીએ. જીવનમાં થયેલા પાપોની ગુરુ ભગવંતોની સાક્ષીએ માફી માંગીએ છીએ. એ પાપનું પ્રાયશ્ચિત તપ ત્યાગથી કરી અંતરને અરીસા જેવું નિર્મળ બનાવીએ છીએ કે ફરી એવું પાપ ન જ કરીએ. એકબાજુ દોષોને સુધારવાનો પ્રયત્ન કરીએ છીએ, બીજી તરફ વિશ્વના પ્રત્યેક નાના મોટા જીવની સાથે મૈત્રી ભાવનો પુન કરાર કરીએ છીએ. માખી કે મચ્છર, પશુ કે પક્ષી, ફળ કે ફૂલ આ બધા અને બીજા બધા સૃષ્ટિના જીવો આપણા મિત્રો છે. આપણા સ્વાર્થથી આપણી જરૂરિયાતથી આપણા અજ્ઞાનથી આ જીવોને આપણે તકલીફ આપી હોય છે પણ મનમાં એ જીવોનું સન્માન હોય છે. પ્રત્યેક જીવ પરમાત્મ સુધીના પદે પહોંચી શકે છે. માટે આ જીવોને આપણે આપેલી તકલીફ બદલ ગદગદ હૃદયથી માફી માગીએ છીએ. એવું જીવન જીવવાનો ભાવ રાખીએ છીએ કે જેથી કોઈપણ જીવને મન-વચન-કાયાથી અર્થાત શરીરથી પીડા ન પહોંચાડીએ.આજના એ દિવસે પ્રતિક્રમણ નામની આધ્યાત્મિક ક્રિયા ખૂબ જરૂરી છે. વર્ષમાં થયેલા પાપોનું ચિંતન કરી ફરી ન કરવાનો નિશ્ચય થાય છે. ૪૦ વખત ૨૪ તીર્થંકરોના ધ્યાન રૂપ કાઉસગ્ગ થાય છે. એ દરમ્યાન શરીર અને આત્મા જુદા છે તેવી સતત અનુભૂતિ કરવાની હોય છે. તમામ આધ્યાત્મિક સૂત્રો આ ક્રિયામાં બોલાય છે અંતે વિશ્વના તમામ જીવો માટે શાંતિની પ્રાર્થના થાય છે. સંવત્સરીનું આ મહાપર્વ મહામહોત્સવ પર્વ છે.



### ક્ષમા ઝૂકાવ છે, ક્ષમા અમૃત છે, ક્ષમા એ મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું છે

## કરો માફ, થશો સાફ આ શાશ્વત સત્ય છે

### જૈન ધર્મમાં 10 પ્રકારના ધર્મ બતાવ્યા છે તેમાં સૌથી પહેલો કોઈ ધર્મ હોય તો તે ક્ષમા ધર્મ જ છે

વિશ્વજનની ક્ષમા મહા કવિએ ગાયું છે, “માં તે માં બીજા બધા વગડાના વા” ખરી જ વાત છે કે માની તોલે તો કોઈ ન આવે પણ એક બાળકની નહીં, એક પરિવારની નહીં પણ જો સમસ્ત વિશ્વની માં કહેવી હોય તો કોને કહેવી? બહુ જ વિચારો, આખરે જવાબ આવશે આ વિશ્વમાતા તો ક્ષમા જ બની શકે ! મહાન પ્રતિભાશાળી સાધુઓએ કલિંગના યુદ્ધ બાદ રાજા અશોકને સમજાવ્યા અને સમ્રાટ અશોકનું મહાન સામ્રાજ્ય હોવા છતાં યુદ્ધનો અને વેરભાવનો ત્યાગ કર્યો. યુદ્ધના મેદાનમાં મહાન શ્રમણી ભગવંત મદનરેખા વચમાં આવ્યા ચંદ્રયશા અને નમી બંને સગા ભાઈઓ, જેણે લડવા માટે સમશેર ખેંચી હતી તેની સાથે સ્નેહ પૂર્ણ મેળાપ કરી દીધો. આજે પણ જો આવો સમભાવ દેખાડવામાં આવે તો બધા વૈર શાંત થઈ જાય, ક્ષમા નો મહાન પ્રભાવ ફેલાઈ જાય. એક વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે, એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્ર પ્રત્યે ક્ષમાભાવ રાખે તો બંનેનો વિકાસ થાય. ક્ષમા એ જ અમૃત છે. અમૃત જીવનને શાશ્વત બનાવે છે. તે ક્ષમા આપણને પણ શાશ્વત માર્ગે લઈ જાય છે. તમે કોઈને પણ માફ કરતા થાઓ એટલે તમારું હૃદય સ્વયંભૂ સાફ થઈ જાય. કરો માફ, થશો સાફ આ શાશ્વત સત્ય છે. મોટાભાઈ ભરત પર આવેલા ક્રોધને બાહુબલીએ આત્મચિંતન કરી ક્રોધને નિષ્ફળ બનાવ્યો. શાસ્ત્રો નોંધે છે કે એ જ સમયે સામ્રાજયનો લોભ સમી ગયો. બાહુબલી એક મહાન યોદ્ધા હતા એ બાહુબલીમાંથી મહાન સાધુ બાહુબલી બની ગયા. મિચ્છામિ દુક્કડં એ વ્યવસ્થા નથી પણ પરમ માંગલ્યતા ની વાત છે. ક્ષમા જેનો વ્યવહાર નથી બનતો એના માટે સંવત્સરી તહેવાર નથી બની શકતો. મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું એટલે ક્ષમા નું પાવન ઝરણું જ્યારે આપણા હૃદયમાં સાચો ક્ષમા ભાવ જાગે છે ત્યારે સામેની વ્યક્તિમાં પણ ક્ષમા ભાવ આવે છે. જૈન ધર્મમાં ૧૦ પ્રકારના ધર્મ બતાવ્યા છે તેમાં સૌથી પહેલો કોઈ ધર્મ હોય તો તે ક્ષમા ધર્મ જ છે. અહિંસા ક્ષમા વિના શક્ય જ નથી હોતી. બસ, ધ્યાન રાખો “ઝૂકે તે દુનિયાને ગમે” ક્ષમા એ ઝુકાવ છે, ક્ષમા એ અમૃત છે, ક્ષમાએ મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું છે.

## કોંગ્રેસના નેતા ગુલાબસિંહ રાજપૂતના નિવેદનથી રાજકારણમાં ખળભળાટ

# ભાજપ સાથે સોદો કરનાર કોંગ્રેસ નેતાઓના પુરાવા સાથે જાહેરમાં ખુલ્લા પાડવામાં આવશે

## બનાસકાંઠા કોંગ્રેસમાં આંતરિક વિખવાદ ચરમસીમાએ

### પત્રમાં ઉલ્લેખ ગેનીબેન ઠાકોર અને ગુલાબસિંહનું અપમાન કરવામાં આવ્યું હોવાથી જવાબદારી ચાલુ રાખવી યોગ્ય નથી

## કોંગ્રેસના આંતરિક વિવાદ વચ્ચે બનાસકાંઠા યુથ કોંગ્રેસ પ્રમુખનું રાજીનામું

બનાસકાંઠા કોંગ્રેસમાં કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડા અને બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપૂત વચ્ચે ચાલી રહેલા આંતરિક વિવાદ વચ્ચે રાજકારણ વધુ ગરમાયું છે. આ ખેંચતાણ દરમિયાન બનાસકાંઠા યુથ કોંગ્રેસ પ્રમુખ રોહિતભાઈ પરેગીએ પોતાના પદેથી સ્વેચ્છાએ રાજીનામું આપી દીધું છે. તેમણે રાજીનામા પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે પક્ષમાં ગેનીબેન ઠાકોર અને ગુલાબસિંહ રાજપૂતનું અપમાન કરવામાં



આવ્યું છે, જેથી પક્ષના વરિષ્ઠ નેતાઓના સન્માન અને કાર્યકરોની લાગણીને ધ્યાનમાં રાખીને આ જવાબદારી ચાલુ રાખવી યોગ્ય નથી. આ ઘટના બાદ પ્રદેશ યુથ કોંગ્રેસ પ્રમુખને સંબોધીને લખાયેલો રાજીનામું સ્વીકારવાનો લેટર પણ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં બનાસકાંઠા કોંગ્રેસમાં રાજકીય માહોલ ગરમાયો છે. રોહિતભાઈ પરેગીએ પોતાના રાજીનામાના પત્રમાં ગંભીર આક્ષેપો અને વિગતો દર્શાવી છે. રાજીનામામાં તેમણે સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે કે પક્ષમાં સાંસદ ગેનીબેન ઠાકોર અને ગુલાબસિંહ રાજપૂતનું અપમાન કરવામાં આવી રહ્યું છે. પક્ષના વરિષ્ઠ નેતાઓના સન્માન પર આવી પહોંચેલી આંચ અને કાર્યકરોની દુભાયેલી લાગણીઓને ધ્યાનમાં રાખીને તેમણે પોતાના હોદ્દા પર ચાલુ રહેવું યોગ્ય ન ગણ્યું. આ સાથે જ પ્રદેશ યુથ કોંગ્રેસ પ્રમુખને સંબોધીને મોકલેલો રાજીનામાનો સ્વીકૃતિ લેટર પણ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વાવ અને થરાદ સહિત સમગ્ર બનાસકાંઠા જિલ્લાના કોંગ્રેસ સંગઠનમાં ચાલી રહેલી જૂથબંધી હવે ખુલ્લેઆમ સામે આવી ગઈ છે. યુથ કોંગ્રેસ પ્રમુખના રાજીનામાથી સ્થાનિક સ્તરે અનેક અટકળો વહેતી થઈ છે અને આંતરિક કલહ ચરમસીમાએ પહોંચતાં પક્ષના કાર્યકરોમાં ભારે ઘમાસાણ મચી ગયું છે.





## ગુલાબસિંહે કહ્યું પાટણ અને બનાસકાંઠા લોકસભામાં હરાવવા પ્રયાસો થયા

**સિટી ન્યૂઝ@બનાસકાંઠા**

કોંગ્રેસમાં આંતરિક મતભેદો વચ્ચે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપૂતના નિવેદનથી રાજકીય ગરમાવો વધ્યો છે. ગુલાબસિંહ રાજપૂતે આગામી સમયમાં પાર્ટીને નુકસાન કરનારા લોકો અંગે મોટા ખુલાસા કરવાની વાત કરી છે. તેમણે દાવો કર્યો છે કે તેઓ તમામ ખુલાસા આધાર અને પુરાવા સાથે કરશે. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપૂતે જણાવ્યું છે કે પાર્ટીને નુકસાન કરનાર લોકોને ખુલ્લા પાડવામાં આવશે. તેમણે સંકેત આપ્યો છે કે આવનારા સમયમાં આ મામલે વધુ વિગતો સામે લાવવામાં આવશે. ગુલાબસિંહ રાજપૂતના જણાવ્યા મુજબ, તેઓ માત્ર આક્ષેપો નહીં પરંતુ આધાર-પુરાવા સાથે સમગ્ર મામલો રજૂ કરશે. તેમના આ નિવેદનથી બનાસકાંઠા કોંગ્રેસના રાજકારણમાં ચર્ચા તેજ બની છે. ગુલાબસિંહ રાજપૂતે ગંભીર આક્ષેપ કરતા કહ્યું કે પાટણ અને બનાસકાંઠા લોકસભા બેઠકને હરાવવા માટે પ્રયત્નો કરવામાં આવ્યા હતા. તેમણે આ પ્રયાસો પાછળ કોણ હતા અને કયા પ્રકારની ભૂમિકા ભજવવામાં આવી હતી તે અંગે આગામી સમયમાં ખુલાસો કરવાની વાત કરી છે. તેમણે પોતાના નિવેદનમાં ભાજપ સાથે સોદા કરવાના પણ આક્ષેપ કર્યા છે. ગુલાબસિંહ રાજપૂતે સવાલ ઉઠાવ્યો છે કે ભાજપ સાથે જેમણે સોદા કર્યા છે તેમને તેના બદલામાં શું મળ્યું છે. બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરને નુકસાન પહોંચાડવા માટે કેટલાક લોકો પ્રયત્ન કરી રહ્યા હોવાનો પણ ગુલાબસિંહ રાજપૂતે આક્ષેપ કર્યો છે. તેમણે કહ્યું કે ગેનીબેનને નુકસાન કરાવવા માટે આ લોકો પ્રયાસ કરી રહ્યા છે. જોકે, આ તમામ બાબતો અંગે ગુલાબસિંહ રાજપૂતે આગામી સમયમાં આધાર અને પુરાવા સાથે ખુલાસો કરવાની વાત કરી છે. હાલ તેમના નિવેદનથી કોંગ્રેસના આંતરિક રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. ગુલાબસિંહ રાજપૂતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે તેઓ આગામી સમયમાં તમામ બાબતો આધાર-પુરાવા સાથે જાહેર કરશે. તેમના આ નિવેદન બાદ હવે તેઓ કયા મુદ્દે અને કોના અંગે શું ખુલાસો કરે છે તેના પર રાજકીય વર્તુળોની નજર રહેશે. કોંગ્રેસના નેતા અને રાંટીલા જિલ્લા પંચાયતના સદસ્ય સિદ્ધરાજસિંહ ચૌહાણે પ્રદેશ નેતૃત્વને આડેહાથ લીધું છે. તેમણે બનાસકાંઠા અને વાવ-થરાદના કોંગ્રેસના નેતાઓને લઈને પ્રદેશ નેતૃત્વની ભૂમિકા સામે સવાલો ઉઠાવ્યા છે.

### અમદાવાદના શહેર કોટડા પોલીસ સ્ટેશનની ઘટના

# પોલીસ સ્ટેશનમાં યુવકે ગળાફાંસો ખાધો

### ટ્રેનમાં મિત્ર સાથે જામનગરથી યુપી જતો'તો, ટ્રેનમાંથી ઉત્તર પોલીસ સ્ટેશન પહોંચી કોઈ વ્યક્તિ તેને હેરાન કરી રહી હોવાની વાત કરી હતી



**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અમદાવાદના શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં મદદ માટે આવેલા ઉત્તરપ્રદેશના ખેરી જિલ્લાના યુવકે પોલીસની નજર ચૂકવી ઈલેક્ટ્રિક રૂમમાં જઈ પેન્ટથી પંખે લટકી ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. મૃતક રાજુ જામનગરમાં નોકરી કરતો હતો અને થોડા દિવસથી માનસિક તણાવમાં હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. રાજુ પોતાના વતન ઉત્તરપ્રદેશ જવા માટે મિત્ર સાથે નીકળ્યો હતો. ટ્રેન કાલુપુર પહોંચી ત્યારે રાજુ મિત્રને જાણ કર્યા વગર ટ્રેનમાંથી ઉતરી ગયો હતો અને ત્યાંથી ચાલતો સીધો શહેરકોટડા પોલીસ સ્ટેશન



રાજુ, મૃતક

પહોંચ્યો હતો. પોલીસ સ્ટેશનમાં પહોંચ્યા બાદ તેણે પોલીસ કર્મચારીઓને કોઈ વ્યક્તિ તેને હેરાન કરી રહી હોવાની વાત કરી હતી.રાજુની સ્થિતિને ધ્યાનમાં રાખીને પોલીસે તેના ભાઈ સાથે ફોન પર વાત કરાવી હતી. રાજુ પાસે પૈસા ન હોવાનું જણાવતા તેના ભાઈએ એક દિવસમાં રૂપિયા મોકલી આપવાની ખાતરી આપી હતી.આ દરમિયાન એક પોલીસ કર્મચારીએ પણ રાજુને નાસ્તો કરવા માટે ૧૦૦ રૂપિયા આપ્યા હતા. જોકે, રાજુ પોલીસ સ્ટેશનમાં હાજર હતો ત્યારે તક જોઈને ઈલેક્ટ્રિક રૂમમાં જતો રહ્યો હતો. થોડા સમય બાદ તેણે ત્યાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસના જણાવ્યા મુજબ રાજુ છેલ્લા ચાર દિવસથી જામનગરમાં ટેન્શનમાં હતો અને માનસિક રીતે પરેશાન હોવાનું પણ પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.

બીજી તરફ રાજુ સાથે યુપી જઈ રહેલો તેનો મિત્ર હાલમાં ફોન ઉપાડતો ન હોવાથી પોલીસે તેની પણ તપાસ શરૂ કરી છે.

### પાટણના વૌવા ગામની ઘટના

# વીજળી પડતા 35 ઘેટાંના મોત

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

પાટણ જિલ્લાના સરહદી સાંતલપુર તાલુકામાં ગાજવીજ સાથે વરસેલા વરસાદ વચ્ચે વૌવા ગામે કુદરતી આફત ત્રાટકી છે. તાજેતરના બનાવમાં મોડી રાત્રે ઘેટાંના ખુલ્લા વાડા પર અચાનક આકાશી વીજળી પડતાં કુલ ૩૫ નિર્દોષ ઘેટાંનાં કમકમાટીભર્યા મોત નીપજ્યાં છે, જેના પગલે પશુપાલકોની આજીવિકા છીનવાઈ ગઈ છે.ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લામાં મોસમ પલટાતા વિજળીના કડાકા-ભડાકા સાથે વરસાદી માહોલ સર્જાયો હતો. આ દરમિયાન સાંતલપુર તાલુકાના છેવાડે આવેલા વૌવા ગામમાં મોડી રાત્રે અચાનક વીજળી ત્રાટકતા ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. ગ્રામીણ વિસ્તારમાં રહેતા પરિવારો જ્યારે નિંદ્રાધીન હતા ત્યારે આકાશી પ્રકોપે



પશુપાલકોના આશિયાના અને રોજીરોટી પર સીધો ઘા કર્યો હતો.વીજળીનો પ્રચંડ અવાજ અને ધડાકો એટલો ભયાનક હતો કે આસપાસના ગ્રામજનો ભયભીત થઈ ગયા હતા. જોતજોતામાં વાડામાં બાંધેલા ઘેટાં તરફ નજર કરતાં માલધારી પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.આ અણધારી આપત્તિમાં ગામના બે ગરીબ પરિવારોના પશુધનનો સંપૂર્ણ સફાયો થઈ ગયો છે. બંને પશુપાલકો પોતાના ઘર પાસે કાંટાળા વાડા બનાવી ઘેટાંને રાત્રિ દરમિયાન પૂરતા હતા.બનાવની જાણ થતાં જ વૌવા ગામના સરપંચ અને તલાટી કમ મંત્રી તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે આ ગંભીર બાબતે તાલુકા વહીવટી તંત્ર અને મામલતદાર કચેરીને સત્તાવાર જાણ કરી હતી. માહિતી મળતાં જ પશુપાલન વિભાગના પશુ ચિકિત્સકો (ડોક્ટરો)ની ટીમ વૌવા ગામે પહોંચી હતી.

# ગુજરાત પોલીસમાં 6 PIની ATSમાં બદલી

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ગુજરાત પોલીસ તંત્રમાં વહીવટી સરળતા, આંતરિક સુરક્ષા અને તપાસ કામગીરીને વધુ સુદ્રઢ બનાવવાના ભાગરૂપે ગાંધીનગર ખાતેથી ૭ પોલીસ ઈન્સ્પેક્ટરની બદલી અને નિમણૂકના સત્તાવાર આદેશો છૂટા કરવામાં આવ્યા છે.આ બદલીમાં એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડમાં અનુભવી અધિકારીઓનો કાફલો મજબૂત કરવા પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.રાજ્ય ગૃહ વિભાગ દ્વારા જાહેર કરાયેલ યાદી મુજબ, કુલ ૬ પીઆઈને આતંકવાદ વિરોધી દળમા મુકવામાં આવ્યા છે.બદલીના આદેશ અનુસાર, અત્યાર સુધી ATS માં ફરજ બજાવતા પીઆઈ વાય. જી. ગુર્જરની બદલી કરીને તેમને અમદાવાદ ગ્રામ્ય ખાતે મૂકવામાં આવ્યા છે. જ્યારે બીજી તરફ, રાજ્યના વિવિધ વિસ્તારોમાં ફરજ બજાવતા ૬ પીઆઈ - એચ. પી. ઝાલા, ડી. બી. બારડ, ટી. એન. મોરડિયા, એચ. એમ. વ્યાસ, કે. વી. ડિંડોર અને વી. એલ. ગાગિયાને ATS મા મૂકવામાં આવ્યા છે.રાજ્યમાં વધી રહેલા સાયબર ક્રાઇમ, આંતરરાષ્ટ્રીય અને આંતરરાજ્ય ગુનાહિત નેટવર્ક તેમજ સંવેદનશીલ કેસોની તપાસમાં આ અનુભવી અધિકારીઓની ATS ખાતેની નિમણૂક અત્યંત મહત્વપૂર્ણ સાબિત થશે.

# ગુજરાત સરકારની મહત્વપૂર્ણ જાહેરાત

## ગુજરાત સરકારની નવી ઔદ્યોગિક નીતિના નિયમો જાહેર 85% સ્થાનિક કર્મચારીઓ રાખવા પડશે



સિટી ન્યૂઝ@ગાંધીનગર

ગુજરાત સરકારે નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ જાહેર કર્યાના લગભગ બે મહિના બાદ હવે તેના અમલીકરણ માટેના નિયમો અને શરતો પણ સત્તાવાર રીતે જાહેર કરી છે. નવી નીતિ હેઠળ ઉદ્યોગોને પ્રોત્સાહન મેળવવા માટે કઈ શરતો પૂર્ણ કરવી પડશે તેની સ્પષ્ટતા થતાં રાજ્યમાં નવા રોકાણ અને રોજગારી સર્જનને વેગ મળવાની અપેક્ષા છે.

નવી નીતિ મુજબ નીતિના કાર્યકાળ દરમિયાન વ્યવસાયિક ઉત્પાદન શરૂ કરનાર અને નવું ઔદ્યોગિક એકમ સ્થાપનાર પ્રોજેક્ટને નવો પ્રોજેક્ટ ગણવામાં આવશે. એટલું જ નહીં, હાલના સ્થળ સિવાય અન્ય સ્થળે કરવામાં આવેલું વિસ્તરણ અથવા વૈવિધ્યકરણ પણ ચોક્કસ શરતોને આધીન નવા એકમ તરીકે ગણાશે.

નવી ઔદ્યોગિક નીતિમાં સ્થાનિક રોજગારી પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. પ્રોત્સાહન મેળવવા માટે ઔદ્યોગિક એકમના તમામ કેટેગરીના કુલ કર્મચારીઓમાંથી ઓછામાં ઓછા ૮૫ ટકા કર્મચારીઓ ગુજરાતમાં વસવાટ કરતા હોવા ફરજિયાત રહેશે. જ્યારે મેનેજમેન્ટ અને સુપરવાઇઝરી કેટેગરીમાં કાર્યરત કર્મચારીઓમાં સ્થાનિક ગુજરાતીઓનું પ્રમાણ ઓછામાં ઓછું ૬૦ ટકા રાખવાનું રહેશે.

જે ઔદ્યોગિક એકમોએ ૧ જૂન, ૨૦૨૬ પહેલાં ઉત્પાદન શરૂ કરી દીધું હોય, તેઓ અગાઉની યોજનાની જોગવાઈ મુજબ લાભ મેળવવા પાત્ર રહેશે. જ્યારે ૧ જૂન પહેલાં ઉત્પાદન શરૂ ન કરનાર એકમો શરતોને આધીન અગાઉની અથવા નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૬ પૈકી કોઈ એક યોજના હેઠળ લાભ મેળવવા અરજી કરી શકશે.

નવી યોજના હેઠળ પ્રોત્સાહન મેળવવા માટે એકમ દ્વારા વાણિજ્યિક ઉત્પાદન શરૂ કરેલું હોવું ફરજિયાત છે. ઉપરાંત, રાજ્ય સરકારની અન્ય કોઈ યોજનામાં સમાન ઘટક માટે પ્રોત્સાહન મેળવનાર એકમને આ નીતિ હેઠળ તે જ ઘટક માટે ફરી લાભ મળશે નહીં. હાલના ઔદ્યોગિક એકમોના વિસ્તરણ માટે પણ કડક માપદંડ નક્કી કરાયા છે. એકમે જમીન સિવાયના ગ્રોસ ફિક્સ્ડ કેપિટલ ઇન્વેસ્ટમેન્ટની સરખામણીમાં ઓછામાં ઓછું ૫૦ ટકા વધારાનું રોકાણ કરવું પડશે. આ વધારાના રોકાણમાંથી ઓછામાં ઓછું ૬૦ ટકા રોકાણ પ્લાન્ટ અને મશીનરીમાં કરવું જરૂરી રહેશે. સાથે જ વિસ્તરણ બાદ ઉત્પાદનમાં ઓછામાં ઓછો ૫૦ ટકાનો વધારો થવો અનિવાર્ય રહેશે. નવી શરતોના કારણે હવે માત્ર કાગળ પરનું રોકાણ નહીં, પરંતુ વાસ્તવિક ઉત્પાદન, સ્થાનિક રોજગારી અને ઔદ્યોગિક ક્ષમતા વધારતા પ્રોજેક્ટોને પ્રોત્સાહન મળવાની દિશા સ્પષ્ટ થશે.



## દરેક બાળક હિંસા, શોષણ, દુર્વ્યહાર, ઉપેક્ષા અને ભેદભાવથી મૂક્ત રહી પોતાની સંપૂર્ણ

## રાજ્ય સરકારની બાળ સુરક્ષા નીતિ જાહેરઃ હિંસા અને શોષણ સામે 'ઝીરો ટોલરન્સ'

સિટી ન્યૂઝ@ગાંધીનગર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે 'ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ નીતિ-૨૦૨૬' જાહેર કરી છે. આ નીતિ હેઠળ શાળા, હૉસ્પિટલ, બાળ સંભાળ સંસ્થા, જાહેર સ્થળો તેમજ ડિજિટલ દુનિયામાં બાળકોની સુરક્ષા મજબૂત કરવામાં આવશે. ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયાના જોખમોથી રક્ષણ, ભેદભાવ સામે કડક જોગવાઈઓ અને સંકળાયેલી સંસ્થાઓ માટે આચારસંહિતા નક્કી કરવામાં આવશે. મુખ્યમંત્રીનાં માર્ગદર્શન તથા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ. પ્રધુમન વાજા તેમજ રાજ્ય મંત્રી ડૉ. મનીષા વકીલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા સત્તાવાર રીતે 'ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ નીતિ-૨૦૨૬' જાહેર કરવામાં આવી છે. આ નીતિનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતમાં એવું સુરક્ષિત અને સમાનતાપૂર્ણ વાતાવરણ ઊભું કરવાનો છે. જ્યાં દરેક બાળક હિંસા, શોષણ, દુર્વ્યવહાર, ઉપેક્ષા અને ભેદભાવથી મુક્ત રહી પોતાની સંપૂર્ણ ક્ષમતાનો વિકાસ કરી શકે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ગત તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા એક જાહેરનામા મુજબ આ નીતિ રાજપત્ર (ગૅઝેટ)માં પ્રકાશિત થયાની તારીખથી અમલમાં આવી ગઈ છે. નીતિ તૈયાર કરતા અગાઉ તેના મુસદ્દા અંગે મળેલા વાંધા-સૂચનોને પણ સરકારે ધ્યાનમાં લીધા છે. સાથે-સાથે POCSO નિયમો, જુવેનાઈલ જસ્ટિસ અધિનિયમ, બાળલગ્ન પ્રતિબંધ કાયદો, બાળમજૂરી સંબંધિત કાયદા, શાળા સલામતી માર્ગદર્શિકા, રાષ્ટ્રીય બાળ નીતિ સહિતના વિવિધ કાયદાકીય અને નીતિગત માળખાઓનો પણ અભ્યાસ કરવામાં આવ્યો છે. નવી નીતિનો અભિગમ માત્ર કોઈ ઘટના બન્યા પછી કાર્યવાહી કરવાનો નથી. પરંતુ બાળ સુરક્ષાને નિવારણ, સમયસર ઓળખ, તાત્કાલિક પ્રતિભાવ, પુનર્વસન અને પુનસમાવેશન સાથે જોડીને એક વ્યાપક વ્યવસ્થા ઊભી કરવાનો છે. સરકારનું સ્પષ્ટ ધ્યેય એવા સમાજનું નિર્માણ કરવાનું છે કે જેમાં દરેક બાળક સલામત, આદરણીય, સુરક્ષિત અને અધિકાર સંપન્ન હોય. બાળકને સુરક્ષા સાથે શિક્ષણ, આરોગ્ય, સર્વાંગી વિકાસ અને પોતાની વાત રજૂ કરવાનો અધિકાર પણ મળે તે સુનિશ્ચિત કરવાની દિશામાં નીતિ ઘડવામાં આવી છે.આ નીતિમાં ધર્મ, જાતિ, લિંગ, સામાજિક-આર્થિક સ્થિતિ, રાજકીય કે સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ અથવા ભૌગોલિક વિસ્તારના આધારે કોઈ ભેદભાવ વિના તમામ બાળકોને બાળ સંરક્ષણ સેવાઓનો સમાન લાભ મળે તે બાબતને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે.



# ભાદરવી પુનમ; અંબાજી પદયાત્રા શરૂ

### બોલ મારી અંબે, જય જય અંબેની ગુંજ

## વઢવાણથી જય અંબે પગપાળા સંઘ અંબાજી જવા રથ સાથે નિકળ્યા

**5.25 લાખના ખર્ચે બનેલા હાઈટેક રથ સાથે 300થી વધુ પદયાત્રીઓ અંબાજી જવા રવાના**



ભાદરવા પૂનમના અવસરે મા અંબાના દર્શન કરવા માટે હજારો ભક્તો પગપાળા અંબાજી જાય છે. આ પરંપરા મુજબ, વઢવાણથી દર વર્ષની જેમ આ વર્ષે પણ જય અંબે પગપાળા સંઘ અંબાજી જવા રવાના થયો છે. આ સંઘમાં ૩૦૦થી વધુ પદયાત્રીઓ જોડાયા છે.સંઘના આગેવાનોએ આ વર્ષે ૫.૨૫ લાખ રૂપિયાના ખર્ચે હાઈટેક સુવિધાઓવાળો મા અંબાનો રથ બનાવ્યો છે. આ રથ સંઘનું મુખ્ય આકર્ષણ બનશે. પદયાત્રીઓની સુવિધા માટે સંઘના આયોજકોએ જરૂરી વ્યવસ્થા પણ કરી છે.મા અંબાજીના પ્રાગટ્ય દિવસે માતાજીના દરબારમાં ધજા ચઢાવી લાખો ભક્તો ધન્યતા અનુભવે છે. વઢવાણથી નીકળેલા આ પગપાળા સંઘમાં પણ મોટી સંખ્યામાં ભક્તો જોડાયા છે.સંઘના આયોજનમાં લાલુભા ડોડિયાની આગેવાનીમાં રથ તૈયાર કરાયો છે. આયોજકોએ જણાવ્યું કે, યાત્રા દરમિયાન ભક્તો માટે રોકાણ અને ભોજન સહિતની વ્યવસ્થા કરાઈ છે. વઢવાણથી અંબાજી સુધીની આ પદયાત્રા ભક્તિમય માહોલ વચ્ચે મા અંબાના જયઘોષ સાથે શરૂ થઈ છે.



### 28 વર્ષથી શ્રધ્ધાળુઓ ચાલીને જાય છે


## મોરબીથી અંબાજી 335 કિલોમીટરની પદયાત્રા માટે સંઘ રવાના થયો

**ભાદરવી પૂનમે અંબાજી માતાજીના દર્શન કરીને આશીર્વાદ મેળવીને ધન્યતા અનુભવે છે**

દેશ અને દુનિયામાંથી લાખો શ્રદ્ધાળુઓ ભાદરવી પૂનમે શક્તિપીઠ અંબા ધામમાં શીશ ઝૂકાવવા માટે આવે છે ત્યારે મોરબીથી છેલ્લા ૨૮ વર્ષથી શ્રદ્ધાળુઓ શ્રી અંબિકા પદયાત્રા સંઘ સાથે નીકળે છે અને ભાદરવી પૂનમે અંબાજી ખાતે પહોચીને માતાજીનાં દર્શન કરીને આશીર્વાદ મેળવીને ધન્યતા અનુભવે છે.મૂળ મોરબી તાલુકાનાં કુંતાસી ગામના વતની અને હાલ મોરબી રહેતા સુરેશભાઈ નાગપરા અને તેમના પત્ની ગીતાબેન નાગપરા દ્વારા છેલ્લા એક કે બે નહીં પરંતુ ૨૭ વર્ષથી મોરબીથી અંબાજી સુધીની પદયાત્રાનું આયોજન કરવામાં આવે છે અને ચાલુ વર્ષે ૨૮ મી વખત પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે અને આજે વહેલી સવારે ૫ વાગ્યે મોરબીના રવાપર રોડ ઉપર આવેલ સુરેશભાઈ નાગપરાના ઘરેથી બોલ માડી અંબે જય જગદંબે ના નાદ સાથે પદયાત્રા સંઘ મોરબીથી રવાના થયો હતો અને મોરબીથી હળવદ, ધ્રાંગધ્રા, માલવણ, બેચરાજી થઈને આ સંઘ ૯ થી ૧૦ દિવસે અંબાજી ખાતે અંબે માતાજીના ધામમાં પહોચે છે.

## છત્રી નીચે પ્રેમની પસંદગી; હું તો ગઈ 'તી મેળે મન મળી ગયું મેળામાં હૈયું હણાયને ગયું તણાઈ

# તરણેતર મેળાને 200 વર્ષ; પરંપરા સ્વયંવર જેવી અનોખી લગ્નપ્રથા !



### મેળામાં યુવક-યુવતીઓ તેમના સમાજનો પરંપરાગત પહેરવેશ પહેરીને સામેલ થાય છે પરિણીત અને અપરિણિત યુવક-યુવતિઓ તેમના પહેરવેશને આધારે ઓળખાઈ જતા

**સિટી ન્યૂઝ@સુરેન્દ્રનગર**

આમ તો ગુજરાતના કોઈપણ લોકમેળા માટે આ વાત સાચી છે, જ્યાં યુવાનો ભેગા થાય અને હૈયાં મળી જતાં વાત આગળ વધે, પરંતુ તરણેતરના મેળા માટે આ વાત વિશેષ સાચી રહી છે.સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના થાન ખાતે આ મેળો યોજાય છે.લોકમેળાના કેન્દ્રમાં ત્રણ નેત્રવાળા ત્રિનેત્રેશ્વર મહાદેવનું મંદિર છે, જેમના નામ પરથી આ વિસ્તાર અને મેળાનાં નામ ઊતરી આવ્યાં છે.આ લોકમેળામાં યુવક-યુવતીઓ તેમનો પરંપરાગત પહેરવેશ પહેરીને સામેલ થાય, આંખો મળે એટલે સ્વયંવરમાં જન્મજનમાંતરના કૉલ અપાય જતા. સમયની સાથે મેળાના સ્વરૂપમાં પરિવર્તન આવતું રહ્યું છે.અહીં ભરાતું વિશિષ્ટ બજાર સાળી અને બનેવીના સંબંધમાં એક અલગ આયામ ઉમેરે છે.સ્થાનિકોમાં ભાદરવા સુદ પાંચમના દિવસે અહીંના કુંડમાં સ્નાન કરવાની તથા પૂર્વજો માટે વિધિ કરવાની માન્યતા રહેલી છે.ચોટીલાથી લગભગ ૪૦ કિલોમીટર દૂર આવેલા



તરણેતરનો મેળો ઐતિહાસિક, સામાજિક, સાંસ્કૃતિ અને આધ્યાત્મિક મહત્ત્વ ધરાવે છે. ભાદરવા સુદ ત્રીજથી છઠ દરમિયાન આ મેળો યોજાય છે.આ મેળો ૨૦૦ વર્ષ પહેલાં શરૂ થયો હતો ત્યારબાદ તેમાં અનેક પરિવર્તનો આવ્યાં છે.
તરણેતરના મેળામાં અલગ-અલગ સમાજનાં યુવક-યુવતીઓ તેમના સમાજનો પરંપરાગત પહેરવેશ પહેરીને સામેલ થાય છે. પરિણીત અને અપરિણીત યુવક-યુવતીઓ પણ તેમના પહેરવેશને આધારે ઓળખાય જતાં.સુરેન્દ્રનગર યુનિવર્સિટીમાં ઈતિહાસના ઍસોસિયેટ પ્રોફેસર ડૉ. કુમારપાળ પરમારના કહેવા પ્રમાણે,"છેલ્લાં લગભગ ૨૦૦-૨૫૦ વર્ષથી મેળો યોજાતો હોવાનું મનાય છે, પરંતુ તેના વિશે ચોક્કસ તારીખ કે માહિતી નથી મળતી.""તરણેતરનો મેળો સ્વયંવર જેવો હતો, જેમાં યુવતી પહેરવેશ, દેખાવ, કદકાઠીને આધારે યુવકને પસંદ કરે. યુવતી છત્રી ખોલીને મેળામાં ઘુમતા યુવકની પાસે આવીને ઊભી રહી જાય. જો પરિવારજનોની મંજૂરી મળે તો ઔપચારિક રીતે લગ્નવિધિ થાય અન્યથા યુવક-યુવતી અન્યત્ર જઈને સંસાર માંડે."તરણેતરના મેળામાં સામેલ થવા માટે યુવકો સોળ સળિયા વાળી છત્રીને આભલાં, બટનિયાં, ભરત, ટિક્કી, રૂમાલ, લટકણિયાંથી શણગારે છે. છત્રીની ટોચ ઉપર પોપટ, ગાય, વૃક્ષ, મોર, હાથી, ઘોડા વગેરે જેવાં આકર્ષણો પણ ઉમેરે છે. મેળા માટે કહેવાતું કે 'ચાલો તરણેતર, ભાળશો ત્યાં પરણેતર.'વર્ષ ૧૯૭૮થી તરણેતરના મેળાના આયોજન સાથે સંકળાયેલા રામકુભાઈ ખાચરના કહેવા પ્રમાણે, "આ પરંપરાની શરૂઆત ક્યારથી થઈ તે તો ચોક્કસપણે કહી ન શકાય, પરંતુ શરૂઆત તળપદા કોળી સમાજના યુવકોએ તેને પ્રચલિત કરી છે.""પહેલાં તે ખરા અર્થમાં સ્વયંવર હતો, પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોથી માતાપિતા દ્વારા સંબંધ નક્કી થઈ જાય એ પછી યુવક છત્રી લઈને મેળામાં પહોંચે અને યુવતી તેની નીચે આવી જાય એ રીતે પરંપરા પાળે છે.""અગાઉ નાની ઉંમરમાં લગ્ન નક્કી થઈ જતાં, પરંતુ જેની સાથે સંબંધ નક્કી થયો હોય એ એકબીજાને ઓળખતા ન હોય. આવા સમયે છોકરો તેના મિત્રો કે પરિવારના ભાઈઓ સાથે મેળામાં આવે, જ્યારે યુવતી તેની ભાભીઓ, સખીઓ કે બહેનો સાથે મેળામાં આવે. પોતે કેવાં કપડાં પહેરીને મેળામાં આવશે, એનો સંદેશ અગાઉથી જ વાગ્દતા સુધી પહોંચાડી દે. આમ મેળામાં તેમનો મેળાપ થતો." તરણેતરના મેળામાં એક બજાર 'બનેવીના બજાર' તરીકે ઓળખાતું, જેમાં યુવતીઓ કે બાળકીઓ ખરીદી કરતી. ખાચરના કહેવા પ્રમાણે, "મેળામાંથી ખરીદી કરવા માટે બનેવી તેની સાળીને પૈસા આપે એવી પરંપરા ખરી, પરંતુ કોઈ અલગ બજાર જેવું રહ્યું નથી."પહેરવેશમાં તાજેતરનાં વર્ષોમાં શર્ટ-પૅન્ટ અને જીન્સ-ટીશર્ટનું ચલણ વધ્યું હોવાનું પણ રામકુભાઈ ખાચર અવલોકે છે.

**ઈતિહાસ** 1934માં માછીમારો અને મિલ કામદારોના સંઘર્ષ તથા નવસથી થઈ હતી સ્થાપના

# ૧૨ વર્ષ પહેલાં સંકટમાંથી જન્મી લાલબાગ ચા રાજાની યાત્રા!

## 1932માં આર્થિક મુશકેલીના કારણે પેરુ ચાલ બજાર બંધ થઈ ગઈ જેના કારણે અનેક લોકોની આવકનું સાધન છીનવાય ગયું




## મુશ્કેલ સમયમાં વેપારીઓએ ભગવાન ગણેશને નવસ માન્યો, પ્રાર્થના કરી વ્યવસાય માટે કાયમી જગ્યા મળી જશે તો તેઓ જાહેર ગણેશોત્સવનું આયોજન કરશે. જગ્યા મળી જતા 1934માં પહેલીવાર એજ જગ્યાએ સ્થાપના શરૂ થઈ જે હજુ ચાલુ છે

**સિટી ન્યૂઝ@મુંબઈ**


ગણેશ ચતુર્થીનો તહેવાર સમગ્ર દેશમાં ભક્તિ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવે છે. ઘરોથી લઈને મોટા જાહેર પંડાલો સુધી ભક્તો ગણપતિ બાપ્પાનું સ્વાગત કરે છે અને પૂજા-અર્ચના કરે છે. મુંબઈના પ્રસિદ્ધ ગણપતિ પંડાલોમાં લાલબાગચા રાજાનું નામ સૌથી આગળ આવે છે. જોકે, લાલબાગચા રાજાનો ઈતિહાસ માત્ર ધાર્મિક આસ્થા પૂરતો સીમિત નથી. તેની પાછળ મુંબઈના માછીમારો, મિલ કામદારો, વેપારીઓ અને સ્થાનિક લોકોના સંઘર્ષની પણ કહાની જોડાયેલી છે. લાલબાગચા રાજાની પ્રથમ સ્થાપના ૧૨ સપ્ટેમ્બર, ૧૯૩૪ના રોજ મુંબઈના લાલબાગ-પરેલ વિસ્તારમાં કરવામાં આવી હતી. સ્થાનિક માછીમારો, વેપારીઓ અને મિલ કામદારોએ આ ગણેશોત્સવમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

લાલબાગ સાર્વજનિક ગણેશોત્સવ મંડળની સ્થાપનામાં કુંવરજી જેઠાભાઈ શાહ, શ્યામરાવ વિષ્ણુ બોધે, રામચંદ્ર તાવડે, વી.બી. કોરગાંવકર અને નખવા કોકમ મામા સહિતના સ્થાનિક નેતાઓ અને રહેવાસીઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

લાલબાગચા રાજાની શરૂઆત પાછળ ૧૯૩૦ના દાયકાની મુંબઈની પરિસ્થિતિ મહત્વપૂર્ણ હતી. તે સમયે લાલબાગ વિસ્તાર ગિરગાંવ અથવા 'મિલ ગામ' તરીકે ઓળખાતો હતો. અહીં મોટી સંખ્યામાં કાપડ મિલો અને મિલ કામદારો રહેતા હતા. વર્ષ ૧૯૩૨માં આર્થિક મુશ્કેલીઓ અને ઔદ્યોગિક પરિવર્તનો વચ્ચે પેરુ ચાલ બજાર બંધ થઈ ગયું હતું. આ બજાર પર માછીમારો, ફેરિયાઓ અને નાના વેપારીઓ પોતાની રોજીરોટી માટે નિર્ભર હતા. બજાર બંધ થતાં અનેક લોકોની આવકનું સાધન છીનવાઈ ગયું અને તેમના પરિવારો સામે આર્થિક સંકટ ઊભું થયું. આ મુશ્કેલ સમયમાં વિસ્થાપિત વેપારીઓ અને કોળી માછીમારોએ ભગવાન ગણેશને નવસ માન્યો હતો. તેમણે બાપ્પાને પ્રાર્થના કરી હતી કે જો તેમને વ્યવસાય માટે કાયમી જગ્યા મળી જશે, તો તેઓ જાહેર ગણેશોત્સવનું આયોજન કરશે અને ત્યાં ગણપતિ બાપ્પાની સ્થાપના કરશે. સ્થાનિક લોકો અને નેતાઓએ વેપારીઓ માટે યોગ્ય જગ્યા શોધવાના પ્રયાસો શરૂ કર્યા. તેમના પ્રયાસો બાદ જમીનમાલિક રાજાબાઈ તૈય્યબલી બજાર માટે જમીન આપવા સંમત થયા.

### 1935થી કાંબલી પરિવારની પરંપરા શરૂ થઈ

લાલબાગચા રાજાની મૂર્તિ સાથે કાંબલી પરિવારનું જોડાણ ૧૯૩૫થી શરૂ થયું હતું. તે વર્ષે મધુસુદન કાંબલીએ ગણપતિની મૂર્તિ બનાવવાની જવાબદારી સંભાળી હતી. ત્યારથી કાંબલી પરિવારની અનેક પેઢીઓ આ પ્રખ્યાત ગણપતિની મૂર્તિ બનાવવાની પરંપરા જાળવી રહી છે. નવ દાયકાથી વધુ સમયથી ચાલી આવતી આ પરંપરા આજે લાલબાગચા રાજાની ઓળખનો મહત્વનો હિસ્સો બની ગઈ છે. આ રીતે લાલબાગચા રાજાની કહાની આસ્થા, સંઘર્ષ અને સામૂહિક એકતાની કહાની છે. ૧૯૩૪માં નાની માટીની મૂર્તિથી શરૂ થયેલી આ પરંપરા આજે મુંબઈના સૌથી પ્રસિદ્ધ ગણપતિ ઉત્સવોમાં સ્થાન ધરાવે છે.



### પહેલી મૂર્તિ આજના લાલબાગચા રાજાથી હતી અલગ

૧૯૩૪માં સ્થાપિત કરવામાં આવેલી લાલબાગચા રાજાની પ્રથમ મૂર્તિ આજની ભવ્ય મૂર્તિ કરતાં ઘણી નાની અને સાદી હતી. આ મૂર્તિ માટીની બનાવવામાં આવી હતી. મૂર્તિને મુંબઈના કોળી માછીમાર સમુદાયના પરંપરાગત વસ્ત્રોમાં સજાવવામાં આવી હતી. તેમાં ધોતી અને ટોપી જેવા પરંપરાગત વસ્ત્રોનો સમાવેશ થતો હતો. મૂર્તિનો સાદો દેખાવ તે સમયના શ્રમજીવી વર્ગ અને સ્થાનિક સમુદાય સાથેના તેના ગાઢ જોડાણને દર્શાવતો હતો.



### વચન પૂરું કરવા થઈ ગણપતિની સ્થાપના

વેપારીઓ અને માછીમારોને કાયમી જગ્યા મળ્યા બાદ તેમણે ગણપતિ બાપ્પાને કરેલો નવસ પૂરો કર્યો. ૧૨ સપ્ટેમ્બર, ૧૯૩૪ના રોજ નવા બનેલા સ્થાનિક બજારના એક ભાગમાં ગણપતિ બાપ્પાની મૂર્તિ સ્થાપિત કરવામાં આવી. આ જ સ્થાપના આગળ જતાં પ્રસિદ્ધ લાલબાગચા રાજા તરીકે ઓળખાવા લાગી. આમ, લાલબાગચા રાજાની શરૂઆત માત્ર ધાર્મિક ઉત્સવ તરીકે નહોતી થઈ, પરંતુ મુશ્કેલીના સમયમાં એક સમુદાયે કરેલા સંકલ્પ અને તેની પૂર્તિના પ્રતીક તરીકે થઈ હતી.




### સરકાર સાથે વાતચીત બાદ સહમત થયા

# META હવે નહીં છૂપાવે બાળ શોષણના કેસ; સુરક્ષા એજન્સીઓને આપશે માહિતી

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

સરકાર સાથે વાતચીત કર્યા પછી, મેટાએ બાળકોની સુરક્ષા સંબંધિત કેસો, ખાસ કરીને બાળ જાતીય શોષણના કેસોની માહિતી સંબંધિત કાયદા અમલીકરણ એજન્સીઓને આપવા સંમતિ દર્શાવી છે.

સરકારી સૂત્રો અનુસાર, સરકારે સ્પષ્ટ કર્યું છે કે ભારતમાં કાર્યરત કોઈપણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ માટે બાળકોની ઓનલાઈન સુરક્ષા મૂળભૂત શરત છે અને તેમાં કોઈ સમાધાન કરી શકાય નહીં. મેટાની આ સંમતિ બાળકોને ઓનલાઈન સુરક્ષિત બનાવવાની દિશામાં પ્રથમ પગલું છે.

સરકાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને આવી સામગ્રીને ઓળખવા અને તેને દૂર કરવા માટે સક્રિય રીતે કામ કરવા કહી રહી છે. એટલે કે, પ્લેટફોર્મ્સ માત્ર ફરિયાદ મળ્યા પછી કાર્યવાહી કરવાને બદલે પોતે પણ બાળકો સંબંધિત હાનિકારક સામગ્રી શોધીને તેને દૂર કરે.

સરકાર અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ સાથે પણ આ મુદ્દે વાતચીત કરી રહી છે. સૂત્રોએ જણાવ્યું કે જે પ્લેટફોર્મ્સ બાળકોની સુરક્ષા માટે જરૂરી સક્રિય પગલાં નહીં લે, તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

### ચૂંટણીના પરિણામના બીજા દિવસે PA ચંદ્રનાથની હત્યા થઈ હતી

# બંગાળમાં નંદીગ્રામ પેટાચૂંટણીમાં CMના PAની માતા ઉમેદવાર

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

પશ્ચિમ બંગાળની રાજનીતિમાં ફરી એકવાર ગરમાવો આવ્યો છે કારણ કે ભાજપે નંદીગ્રામ પેટાચૂંટણી માટે એક અત્યંત ભાવનાત્મક અને વ્યૂહાત્મક પગલું ભર્યું છે. ભારતીય જનતા પાર્ટીએ આ ચૂંટણી માટે હસિરાની રથને પોતાના સત્તાવાર ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે. હસિરાની રથ એ જ ચંદ્રનાથ રથની માતા છે, જે અગાઉ અગ્રણી નેતા સુવેન્દુ અધિકારીના પર્સનલ સેક્રેટરી (પીએ) તરીકે ફરજ બજાવતા હતા.

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીના પરિણામો અને તે પછીના થોડા જ સમયમાં ચંદ્રનાથ રથની કરુણ હત્યા કરવામાં આવી હતી, જેણે રાજ્યભરમાં ભારે રાજકીય હલચલ મચાવી દીધી હતી. ચંદ્રનાથ રથની શંકાસ્પદ હત્યાનો મામલો તે સમયે પશ્ચિમ બંગાળના રાજકારણમાં ખૂબ જ ચર્ચાસ્પદ બન્યો હતો. હવે તેમની માતા હસિરાની રથને ચૂંટણીના રણમાં



ઉતારીને ભાજપે ફરી એકવાર તે દુખદ ઘટનાને અને ચંદ્રનાથના નામની રાજકીય ચર્ચાને તાજી કરી દીધી છે. રાજકીય નિષ્ણાતોના મતે, આ બેઠક પર ભાજપનો આ નિર્ણય માત્ર એક ઉમેદવારની પસંદગી નથી, પરંતુ તે એક મજબૂત રાજકીય સંદેશ પણ છે. નંદીગ્રામ વિધાનસભા મતવિસ્તાર હંમેશાંથી બંગાળની રાજનીતિનું કેન્દ્રબિંદુ રહ્યો છે, અને અહીં યોજાનારી આ પેટાચૂંટણી તમામ પક્ષો માટે ખૂબ જ પ્રતિષ્ઠાનો વિષય બની ગઈ છે.



### બિહારમાં 15 જિલ્લામાં પૂરથી 50 લાખ લોકો પ્રભાવિત

# બિહારમાં પુર; કેદારનાથ યાત્રા અટકી

### યુપી-રાજસ્થાન સહિત 5 રાજ્યોમાં વરસાદનું એલર્ટ


**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

બિહારમાં ૧૫ જિલ્લામાં ૪૯.૬૭ લાખથી વધુ લોકો પ્રભાવિત છે. ઉત્તર બિહારમાં નદીઓ લાલ નિશાનથી ઉપર વહી રહી છે. રાજ્યની ૫ નદીઓ ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે. હવામાન વિભાગે આજે પ્રદેશના ૨૨ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કર્યું છે. ઉત્તરાખંડમાં કેદારનાથ પગપાળા માર્ગ પર ચીરબાસા પાસે પહાડી પરથી સતત પથ્થરો પડવાને કારણે કેદારનાથ યાત્રા ત્રીજા દિવસે પણ બંધ છે. સુરક્ષા દળોના જવાનોએ લગભગ ૭ હજાર યાત્રીઓને સુરક્ષિત બહાર કાઢીને ગૌરીકુંડ તરફ મોકલી દીધા છે. હાલમાં ૫૦૦થી વધુ લોકો ફસાયેલા છે. રસ્તામાં ઠેર ઠેર ઘોડા-ખચ્ચરોના મૃતદેહ પણ પડેલા દેખાઈ રહ્યા છે.હવામાન વિભાગે યુપીના ૭૨ જિલ્લામાં વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. રાજસ્થાનમાં ૧૭ સપ્ટેમ્બર સુધી વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. હિમાચલ પ્રદેશના મોટાભાગના વિસ્તારોમાં હળવો વરસાદ થઈ શકે છે. હરિયાણાના ૮ જિલ્લામાં વરસાદનું યલો એલર્ટ છે. પંજાબના ૧૮ જિલ્લામાં આજે વરસાદની સંભાવના છે.




## ‘એન્ટલિયા ચા રાજા’ના દર્શન માટે કેટરિના, કરીના સલમાન સહિતના સ્ટાર પહોંચ્યા

# અંબાણીના આંગણે ગણેશ પૂજામાં બોલિવૂડનો મેળાવડો








સિટી ન્યૂઝ@મુંબઈ

ગણેશ ચતુર્થીના અવસર પર મુંબઈમાં અંબાણી પરિવારના ઘર 'એન્ટિલિયા' ખાતે ભવ્ય ગણેશ પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૪ સપ્ટેમ્બરે યોજાયેલી આ પૂજામાં બોલિવૂડથી લઈને ક્રિકેટ જગતની અનેક જાણીતી હસ્તીઓએ હાજરી આપી હતી. અંબાણી પરિવારના 'એન્ટિલિયા ચા રાજા'ના દર્શન માટે સેલેબ્સનો જમાવડો જોવા મળ્યો હતો. સલમાન ખાન, વિકી કૌશલ, કેટરિના કૈફ, સૈફ અલી ખાન, કરીના કપૂર સહિત અનેક સેલેબ્સ પૂજામાં સામેલ થયા હતા. ઈવેન્ટના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થઈ રહ્યા છે. સૈફ અલી ખાન અને કરીના કપૂર પોતાના બંને પુત્રો તૈમુર અલી ખાન અને જહાંગીર અલી ખાન સાથે 'એન્ટિલિયા ચા રાજા'ના દર્શન કરવા પહોંચ્યા હતા. પરિવારના સભ્યો પરંપરાગત પોશાકમાં જોવા મળ્યા હતા. કરીનાએ મસ્ટર્ડ યલો રંગનો સલવાર સૂટ પહેર્યો હતો, જ્યારે સૈફ લાલ કુર્તા અને ધોતીમાં જોવા મળ્યા હતા. તૈમુર અને જેહ પણ ટ્રેડિશનલ કુર્તામાં ખૂબ જ ક્યૂટ લાગતા હતા. આ પ્રસંગે કરિશ્મા કપૂર પણ કરીના સાથે જોવા મળી હતી. ભાઈ સોહેલ ખાનના ઘરે ગણપતિ બાપ્પાના દર્શન કર્યા બાદ સલમાન ખાન અંબાણી પરિવારની ગણેશ પૂજામાં પહોંચ્યો હતો. આ દરમિયાન તેણે ફોટોગ્રાફર્સ માટે પોઝ પણ આપ્યા હતા. સલમાન આ વખતે ક્લીન-શેવ લુકમાં જોવા મળ્યો હતો. તેણે લાઈટ બ્લુ ચેક્સ શર્ટ સાથે વ્હાઈટ-વોશ ડેનિમ પહેર્યું હતું. તેની જાણીતી કાઉબોય હેટની જગ્યાએ આ વખતે તેણે બંદાના પહેર્યો હતો. ગણેશ ચતુર્થીના ખાસ અવસર પર વિકી કૌશલ અને કેટરિના કૈફ પણ 'એન્ટિલિયા' પહોંચ્યા હતા. બંનેએ ગણપતિ બાપ્પાના દર્શન કરીને આશીર્વાદ લીધા હતા.

ગણપતિ મહોત્સવમાં સાડી પહેરવાનો ક્રેઝ

# મહારાષ્ટ્રીય સાડી અને રેડી ટુ વેર સાડીનો ટ્રેન્ડ



## નૌવારી સાડી



ગણેશ ઉત્સવની વાત આવે અને મહારાષ્ટ્રીયન લુક યાદ ન આવે તે શક્ય જ નથી. 'નૌવારી' એટલે કે નવ વાર લાંબી સાડી. તેને ધોતી સ્ટાઈલમાં પહેરવામાં આવે છે. આ પ્રકારની સાડી પહેરી હરવા-ફરવામાં સરળતા રહે છે. તેને ટ્રેડિશનલ મહારાષ્ટ્રીયન લુક પણ કહે છે. પહેલાંના જમાનામાં નૌવારી સાડી બાંધવામાં ઘણો સમય જતો હતો, પરંતુ અત્યારે માર્કેટમાં રેડીમેઈડ નૌવારી સાડીઓ ઉપલબ્ધ છે. તેને પેન્ટની જેમ માત્ર પહેરી જ લેવાની હોય છે. એમાં મળતાં મટીરિયલની વાત કરીએ તો સિલ્ક, પૈઠણી અને કોટન સિલ્ક ફેબ્રિકમાં નૌવારી સાડીઓ અત્યારે ખૂબ ડિમાન્ડમાં છે. ડાર્ક ગ્રીન, રોયલ બ્લૂ, મિર્ચ રેડ અને બ્રાઈટ યલો જેવા રંગો ગણેશ ચતુર્થી પર રોયલ લુક આપે છે.

## રેડી-ટુ-વેર સાડી



જે યુવતીઓને સાડીની પાટલીઓ બનાવવામાં કે પલ્લુ સેટ કરવામાં તકલીફ પડે છે, તેમના માટે રેડી-ટુ-વેર સાડી વરદાન સમાન છે. આ સાડીને સ્કર્ટ કે જીન્સની જેમ માત્ર એકથી બે મિનિટમાં જ પહેરી શકાય છે. રેડી ટુ વેર એટલે કે પ્રી સ્ટિચ્ડ સાડી કમ્ફર્ટ અને ફેશનનો બેસ્ટ સંગમ છે. સાડી સાથે કમરપટ્ટો અથવા મેચિંગ ફેબ્રિક બેલ્ટ અત્યારે ખૂબ જ ટ્રેન્ડમાં છે. આનાથી ફિગર ખૂબ સરસ દેખાય છે અને પલ્લુ વારંવાર છટકી જવાનો ડર નથી રહેતો. નીચે પલાઝો કે શરારા પેન્ટ હોય અને તેની સાથે જોડાયેલો સાડીનો પલ્લુ હોય. આ ઈન્ડો-વેસ્ટર્ન લુક કોલેજ ગર્લ્સ અને યંગ વર્કિંગ વિમેનમાં અતિશય ફેવરિટ બન્યો છે. લાઈટ વેટમાં ઓર્ગેન્ઝા, શિફોન અને સિકંસ જ્યોર્જટ ફેબ્રિકમાં પ્રી-સ્ટિચ્ડ સાડી ગ્લેમરસ લાગે છે.





# 2 ઈંચ વરસાદે રાજકોટ મનપાની પ્રી-મોન્સુન કામગીરીની પોલ ખોલી

## મુખ્ય રસ્તાઓ પર નદીની જેમ પાણી વહ્યું, ઘરોમાં પાણી ભરાયા; વોકળા પર બાંધકામ સામે વિરોધ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

લોકસંસદ વિચાર મંચના મોભી અને પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી સહિત ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઈન્દુભા રાઓલ, પ્રવીણભાઈ લાખાણી, નટુભા ઝાલા, નાગજીભાઈ વિરાણી, અશોકભાઈ બુટાણી અને મગનભાઈ પટેલે જણાવ્યું છે કે રાજકોટ મહાનગરપાલિકાની વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા નિષ્ફળ પુરવાર થઈ છે. સેન્ટ્રલ, વેસ્ટ અને ઈસ્ટ ઝોનમાં માત્ર ૧.૪૫થી ૨ ઈંચ વરસાદમાં જ પ્રી-મોન્સુન કામગીરીની પોલ ખુલી ગઈ હોવાનો તેમણે આક્ષેપ કર્યો છે.

મવડી તરફના બાપા સીતારામ ચોક, એસ્ટોન નાળું, હેમુ ગઢવી હોલ પાસે, સોરઠીયાવાડી, માસ્તર સોસાયટી, હસનવાડી, નંદાહોલ પાસે, પોપટપરા નાળું સહિતના વિસ્તારોમાં પાણી ભરાતા લોકોને હાલાકી પડી હતી. મુખ્ય રસ્તાઓ પર નદીની જેમ પાણી વહેતું જોવા મળ્યું હતું અને નીચાણવાળા વિસ્તારોના ઘરોમાં પણ પાણી ઘૂસી ગયા હતા.

લોકસંસદ વિચાર મંચે જણાવ્યું હતું કે શહેરના કુદરતી વરસાદી પાણીના નિકાલ માટેના મોટા વોકળાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. કેટલાક વોકળાઓની જગ્યાએ ભરતી-ભરણ કરી બાંધકામો ઊભા કરાયા હોવાનો પણ આક્ષેપ કરાયો છે. વોકળા પરના દબાણો સામે મહાનગરપાલિકા ધૃતરાષ્ટ્ર નીતિ અપનાવી રહી હોવાના આક્ષેપ સાથે મંચે કહ્યું કે પાણીના કુદરતી પ્રવાહમાં અવરોધથી વરસાદી પાણી રહેણાંક વિસ્તારોમાં ઘૂસી રહ્યું છે.

વરસાદી પાણીના નિકાલ માટે સ્ટ્રોમ વોટર સિસ્ટમના નામે કરોડો રૂપિયાનો ખર્ચ થયો હોવા છતાં વ્યવસ્થા અસરકારક રીતે કાર્યરત ન હોવાનું પણ યાદીમાં જણાવાયું છે.

મંચે વોર્ડ નંબર ૧૪ના જૂના પડધરી માર્ગ પર આવેલા ખુલ્લા વોકળાનો મુદ્દો ઉઠાવ્યો છે. આ સ્થળે ૨ માળનો કોમ્યુનિટી હોલ અને ફાયર સ્ટેશન બનાવવા અંગે મહાનગરપાલિકાની હિલચાલ સામે સ્થાનિકો વિરોધ કરી રહ્યા છે.

મંચના જણાવ્યા મુજબ, આશરે ૧૫ કિલોમીટર ઉપરથી આ વિસ્તારમાં વરસાદી પાણી આવે છે અને ભારે વરસાદમાં ધસમસતો પ્રવાહ જોવા મળે છે. આવા કુદરતી પ્રવાહમાં અવરોધ ઊભો કરીને બાંધકામ કરવાથી ભવિષ્યમાં સ્થિતિ ગંભીર બની શકે તેવી ચિંતા વ્યક્ત કરાઈ છે.

મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનના આંકડા મુજબ આશરે ૫૦ એમએમ એટલે કે ૨ ઈંચ વરસાદ નોંધાયો હતો. વરસાદ ઓછો થયા બાદ પણ જૂના પડધરી માર્ગ પર કોઠારીયા કોલોની અને વાણીયાવાડી વચ્ચેના વોકળામાં ધસમસતો પાણીનો પ્રવાહ જોવા મળ્યો હતો.

કોઠારીયા કોલોની યુવા ગ્રુપ અને જાગૃત નાગરિકોએ સવાલ ઉઠાવ્યો છે કે માત્ર ૨ ઈંચ વરસાદમાં આવી સ્થિતિ હોય તો ૮ ઈંચ વરસાદ પડે ત્યારે શું પરિસ્થિતિ સર્જાશે? વોર્ડ ૧૪ના વોકળા પર બાંધકામની હિલચાલ સામે વિરોધાત્મક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે અને આ પ્રશ્ન મુખ્યમંત્રીના સ્વાગત કાર્યક્રમમાં પણ રજૂ કરાયો હોવાનું જણાવાયું છે.

સ્થાનિકોએ મહાનગરપાલિકાને કોઈપણ બાંધકામ કરતા પહેલા વરસાદી પાણીના કુદરતી પ્રવાહ અને પૂર જેવી સ્થિતિનો યોગ્ય અભ્યાસ કરવાની માંગ કરી છે.

# રાજકોટમાં દાગીના-લોનમાંથી 3.90 લાખ ટ્રાન્સફર કરી આચરી છેતરપિંડી

## ગીરવે મુકેલા દાગીના છોડાવી પરત ન કર્યા : યુનિવર્સીટી પોલીસ મથકમાં નોંધાવી ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રોડ પર શીતલપાર્ક પાસે આવેલી સુખદેવ ટાઉનશીપમાં રહેતા સિધ્ધરાજભાઈ પ્રકાશભાઈ સોલંકી ઉ.૩૧ને આરોપી એસટી બસ સ્ટેશન પાસે વિનસ એપાર્ટમેન્ટમાં રહેતા વિજય જયસુખભાઈ સૂચકએ વિશ્વાસ કેળવી ગીરવે મુકેલા દાગીના છોડાવી આપવાનું કહી ૨.૯૦ લાખ લઈ લીધા બાદ દાગીના પરત નહી આપી તેમજ લોનની રકમમાંથી પણ ૩.૯૦ લાખ બારોબાર પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લઈ છેતરપિંડી કર્યાની યુનિવર્સીટી પાલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે આરોપી વિજયે તેના માતાના નામે ૧૨.૫૦ લાખની હોમ લોન કરાવી દીધી હતી. આ રકમ તેના માતાના ખાતામાં જમા થઈ ગયા હતા. આ પછી તેણે લોનની રકમમાંથી ૨.૯૦ લાખ આરોપી વિજયને આપીને દાગીના પરત માંગતા અલગ-અલગ બહાના કરવા લાગ્યો હતો. થોડા દિવસ બાદ તપાસ કરતા તેના માતાના બેન્ક એકાઉન્ટમાંથી પણ ૩.૯૦ લાખ આરોપી વિજયે પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હાવાનું જાણવા મળતા કોલ કરતા તેણે દાગીના અને ખાતામાંથી ઉપાડેલા ૩.૯૦ લાખ પરત નહી આપી છેતરપિંડી કર્યાની ખબર પડી હતી. આ અંગે યુનિવર્સીટી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# પોલીસ ચારે બાજુથી ઘેરાઈ ગઈ હવે પોલીસ માટે ગોળીબાર સિવાય કોઈ વિકલ્પ રહ્યો ન્હોતો





બરાબર બપોરે ૨ વાગ્યે ડીસીપી સિન્હા ક્રાઈમ બ્રાન્ચ માં દાખલ થયા. આખી રાત કામ કર્યુ હતું અને ઘરે જઈ સુઈ ગયા હતા તો પણ હજી આંખોમાં ઉંઘ હતી. તેમની કાર પોર્ચમાં ઉભી રહી તેની સાથે એક પોલીસવાળો દોડતો કારનો દરવાજો ખોલવા આવ્યો, તેણે સલામ કરી દરવાજો ખોલ્યો. સિન્હા કારમાંથી પગ નીચે મુકતા હતા ત્યારે તેણે કહ્યુ સર જેસીપી સાહેબ ઘણી વખત યાદ કરી ચુક્યા છે. સિન્હા એ પોતાની ઘડિયાળમાં જોયુ ૨ જ વાગ્યા હતા, આજે પણ તેનો અર્થ આજે પણ સાહેબ વહેલા આવી ગયા લાગે છે. તેમણે કોન્સ્ટેબલને પુછ્યુ સર કેટલા વાગે આવ્યા..? તેણે કહ્યુ સવારના આવી ગયા, ૧૦ વાગ્યાના. સિન્હા પોતાની કારમાંથી ઉતરી સીધા જેસીપી વિવેક ગૌડ ને મળવા ઉપરના માળે ગયા.

તેમની ચેમ્બરનો દરવાજો નોક કર્યો અને અંદર જઈ જયહિન્દ સર કહી બે હાથ પાછળની તરફ કરી સલામ કરી. ગૌડે સિન્હાને જોતા કહ્યુ ગુડ મોર્નિંગ હરીશ, સિન્હાને લાગ્યુ સર તેની મઝાક કરે છે અથવા બપોરના ૨ વાગી ગયા તેના કારણે આવુ બોલ્યા. સિન્હા એ તરત પોતાનો પક્ષ સ્પષ્ટ કરતા કહ્યુ સર કલ રાત તક મેં કામ કર રહા થા, જેસીપી હસવા લાગ્યા. તેમણે સિન્હા Sinha ને અટકાવતા કહ્યુ મુજે પતા હૈ, તુમ સુબહ ૮ બજે ઘર ગયે કોઈ બાત નહીં, ચલો કોફી પીતે હૈ. સિન્હા ને તેમણે બેસવાનો ઈશારો કર્યો અને બેલ ઈન્ટરકોમ ઉપર પોતાના પીએને બે કોફી લાવવાની સુચના આપી. પછી ગૌડ દેશભરના ગપ્પા મારવા લાગ્યા. સિન્હા Sinha ને બહુ આશ્ચર્ય થયુ કે સાહેબ બ્લાસ્ટ કેસની કોઈ વાત જ કરતા નથી અથવા મને કંઈ પુછતા પણ નથી. ત્યારે કોફી આવી પોલીસવાળો ટેબલ ઉપર કોફી મુકી બહાર ગયા પછી સિન્હા એ કોફીનો કપ હાથમાં લેતા પુછ્યુ સર આપ મુઝે યાદ કર રહે થે.

ગૌડે કહ્યુ જી જી, વહ તો હોમ સેક્રેટરી સાહબ કા ફોન થા, ક્યા ડેવલ્પમેન્ટ હૈ, મેંને ઉનકો બતાયા કી હરીશ મહેનત કર રહા હૈ, કુછ જલદીએ હાથ લગેલા, તો સેક્રેટરી સાહબ બોલે નહીં નહીં જલદી કરો, સીએમ CM કાફી નારાજ હૈ. સિન્હાનો ચહેરો ગંભીર થઈ ગયો, ગૌડે કોફી ઉપાડી એક સીપ મારી કપ પાછો ટેબલ ઉપર મુકતા કહ્યુ મેંને સેક્રેટરી સાહબ કો બતાયા કી સર મેંને ભી યુપીએસસી ફર્સ્ટ ટ્રાયલ મે કિલયર કી થી, મેરા રેંકિંગ આઈએએસ IAS કે લીયા થા, લેકીન મુઝે આઈપીએસ IPS હોને કા કીડા થા. સિન્હા સ્તબ્ધ થઈ ગયા તેમ પુછ્યુ સર આપને સેક્રેટરી સાહબ કો એસા બતાયા?

ગૌડે કહ્યું હર ચીજ કા એક વક્ત હોતા હૈ હરી , આજ આમકા પેડ લગાયા કલ ઉસ પે આમ કે ફલ નહીં લગતે. યહ સેક્રેટરીયટ મેં બેઠને વાલે બ્યુરોક્રેટ કોઈ બાત હી નહી સમજતે, નેતાઓ કી ચાપલુસીસે ઉપર નહીં આતે. સિન્હા ને લાગ્યુ કે સેક્રેટરીને જરા મોટો ડોઝ અપાઈ ગયો, તેમણે પુછ્યુ ફીર ક્યા હુવા? ગૌડ હસવા લાગ્યા તુમ ક્યુ ચિંતા કરતે હો, અબ વો તુમ્હે ઔર મુઝે પરેશાન નહીં કરેંગે. ચલો યહ સબ છોડો બતાઓ કલ ક્યા નિકલા. ડીસીપી એ સિન્હાએ યાકુબનગર પહોંચ્યા ત્યાંથી લઈ ફિરોઝના નામનો ઉલ્લેખ આવ્યો ત્યાં સુધી બધી વાત કરી આખી રાત ફિરોઝને ઈન્ટ્રોગેટ કર્યો તેની પણ વાત કરતા કહ્યુ સર ફિરોઝ કોઈ નસીરૂદ્દીન કા જીક્ર કરતા હૈ, હૈદરાબાદવાલા, જેસીપી વિચાર કરવા લાગ્યા, નસીરૂદ્દીન કોણ હોઈ શકે, પછી ઉભા થયા અને પોતાની ઓફિસની તીજોરી ખોલી.

એક ડાયરી કાઢી તેના પાના ફેરવવા લાગ્યા. જેસીપી ગૌડ ની એક ખાસીયત હતી તે રોજબરોજની નાની નાની વાતો ડાયરીમાં ટપકાવી રાખતા હતા. દર વર્ષે એક નવી ડાયરી ભરાતી અને તેમની બદલી જ્યા પણ થાય ત્યાં તેમની ડાયરીઓનો થોકડો તેમની સાથે જતો હતો. ડાયરીના એક પાના ઉપર તેમનુ ધ્યાન ગયુ અને તેમના ચહેરા ઉપર ચમક આવી, તે તરત ડાયરીના તે પાના ઉપર હાથ રાખી પોતાની ખુરશીમાં બેઠા અને ડાયરી ટેબલ ઉપર મુકતા કહ્યુ, દેખો તુમ જો નસીરૂદ્દીન કી બાત કરતે હો વો ઉસકા એલિયસ (ઉપનામ) નેમ હૈ, ઉસકા સહી નામ મૌલાન બકરૂદ્દીન અહેમદ શેખ હૈ, લેકીન લોગ ઉસે નસરૂઉદ્દીને કે નામ સે હી જાનતે હૈ. બડા કટ્ટરવાદી હૈ, ૧૦ સાલ પહેલે તુમ ડિપાર્ટમેન્ટ મેં આયે ભી નહીં થે



પ્રશાંત દયાળ

તબ કી બાત હૈ. હમારે પાસ જેહાદ કે એક કેસ મેં સમશુદ્દીન નામ આયા થા, હમારી ક્રાઈમ બ્રાન્ચ ની ટીમ સમશુદ્દીન કો લેને હૈદરાબાદ ગઈ હુઈ થી. હૈદરાબાદ પુલીસ ને હમે બતાયા કી જીસ ઈલાકે મેં સમશુદ્દીન રહેતા હૈ વહાં જાના મુનાસીફ નહીં ફિર ભી હમારી ટીમ હૈદરાબાદ પુલીસ કે સાથ ઉસ ઈલાકે મેં ઘુસ ગઈ થી.

સમશુદ્દીન મૌલાન બકરૂદ્દીન કા બેટા થાં. જૈસે અમદાવાદ પુલીસને સમશુદ્દીન કો ઉઠાયા લોગોને પુલીસ કો ઘેર લીયા થા. હૈદરાબાદ પુલીસ વહાં સે ભાગ નિકલી લેકીન હમારે પાસ સમશુદ્દીન થા ઈસલીયે હમ વહાં સે નિકલ નહીં પાયે. લોગોને પુલીસ પે હમલા કર દિયા હમારે જવાનને તીન રાઉન્ડ ફાયર કીયા, જીસ મેં ભાગને કી કોશીશ કર રહા સમશુદ્દીન મારા ગયા. નસીરૂદ્દીન કે દો રૂપ હૈ, અંદર સે વહ જેહાદી હૈ લેકીન ઉસકા બહારી સ્વરૂપ સોશીયલ વર્ક કા હૈ. વહ અચ્છે ભાષણ કરતા હૈ, લોગો કો નેક ઔર ઈમાનદાર હોને કી નસીહત દેતા હૈ, અલ્લાહ કા ડર દિખાતા હૈ. સિન્હાને તરત યાદ આવ્યુ તેણે કહ્યું જી સર વો ફિરોઝ ચાચા યહી બતા રહા થા કે ઉન્હોંને નસીરૂઉદ્દીન કા વીડીયો દેખા થા., જેસીપી એ કહ્યુ નસીરુદ્દીને કે બારે મેં દેશ કી એજન્સી કે પાસ કાફી જાનકારી હૈ લેકીન આજ તક ઉસે પકડ શકે એસા એક ભી સબુત હમારે હાથ લગા નહીં. મુઝે આશ્ચર્ય ઉસ બાત હે કી પહેલી બાર બ્લાસ્ટ જૈસે કેસ મેં વહ ઈનવોલ હૈ, એસી લીડ હમે મીલી હૈ.

જેસીપી ફરી ઉભા થયા અને કેટલાક ફોટોગ્રાફ કાઢ્યા તેમાથી એક ફોટો ટેબલ ઉપર મુકતા કહ્યુ, યહ નસીરૂઉદ્દીન હૈ, એક કામ કરો વો ફિરોઝ ચાચા કો આજ દુબારા બુલાવો, ઉસે યહ ફોટોગ્રાફ દીખા ઔર મે ભી ફિરોઝ ચાચાસે બાત કરના ચાહતા હું. સિન્હા Sinha ને લાગ્યુ કે જેસીપી ગૌડ ખરા અર્થમાં તેમના સિનિયર હતા. ખુબ મહેનત કરતા અને ખુબ વાંચન કરતા હતા. સિન્હા ડીસીપીની ચેમ્બરમાંથી નિકળી પોતાની ચેમ્બર પાસે આવ્યા ત્યારે તેમણે ઈન્સપેકટર જાડેજાને પોતાની ચેમ્બર બહાર જોયા. જાડેજા ને અંદર બોલાવ્યા, જાડેજા એ ટેબલ ઉપર કેટલાક કાગળ મુક્યા, તે ફોનના સીડીઆર હતા. જાડેજા એ વાતની શરૂઆત કરતા કહ્યુ ફિરોઝ ચાચા જો બોલ રહા હૈ વહ સચ લગતા હૈ, ઉસકે સીડીઆર હમને ચેક કીયે, લેકીન કોઈ એસી બાત મેરે ધ્યાનમાં નહીં આઈ. સિન્હાએ પોતે સીડીઆર જોવાની શરૂઆત કરી. સિન્હા વિચારમાં પડી ગયા જો ચાચા સાચુ બોલતા હોય તો નસીરૂદ્દીન સુધી પહોંચવુ મુશ્કેલ બની જશે. જાડેજા એ કહ્યુ સર ચાચાને યાકુબનગર વાલે ઘર પે ફોરેન્સિક વાલે જાકે આયે, યહ ઉનકા રીપોર્ટ હૈ, બોમ્બ ઉસી મકાન મેં બનાયા ગયા થા.(ક્રમશઃ)

# રૈયામાં પરોઢિયે ગેસ લીકેજથી મકાનમાં આગ ભભુકી ઉઠી

## ફાયર બ્રિગેડનાં સ્ટાફે તાકિદે પહોંચી આગ પર કાબુ મેળવ્યોઃ મોટી જાનહાની ટળી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના રૈયા ગામમાં આજરોજ વહેલી સવારે એક મકાનમાં આગની ઘટના બની હતી. ભરવાડ પરિવારના મકાનમાં વહેલી સવારના રસોઈ બનાવતા સમયે ગેસ સિલિન્ડરના રેગ્યુલેટરમાં લીકેજ થવાના લીધે આગ ભભૂકી ઊઠી હતી.જેથી પરિવાર ગભરાઈ ગયો હતો. જોકે તુરંત જ તેમણે ગેસનો આ બાટલો બહાર ફળિયામાં રાખી દીધો હતો અને ફાયરને જાણ કરી હતી. ફાયર બ્રિગેડના સ્ટાફે તાકીદ અહીં પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. સદભાગ્યે આગની આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી.



ઘટનાની જાણવા મળતી વિગતો મુજબ રૈયા ગામમાં ૫૦ વરિયા પ્લોટમાં રહેતા લાખાભાઈ ફાંગલીયાના મકાનમાં ગેસના બાટલામાં આગ લાગ્યા અંગે ફાયર બ્રિગેડને વહેલી સવારે ૬:૫૩ કલાકે કોલ મળ્યો હતો જેથી રામાપીર ફાયર સ્ટેશનથી ફાયરની ટીમ તાકીદે અહીં પહોંચી હતી અહીં આવી જોતા ગેસના બાટલામાં આગ લાગી હોય જેથી ફાયર બ્રિગેડના સ્ટાફે તાકીદે પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો.સદભાગ્યે આગની આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી ન હતી. વધુમાં જાણવા મળતી વિગતો મુજબ, રૈયા ગામ ૫૦ વારીયા પ્લોટમાં જે મકાનમાં આગ લાગી હતી તે મકાન લાખાભાઈ ફાંગલિયાનું હોવાનું માલુમ પડ્યું છે. લાખાભાઈના મોટાભાઈનું એક માસ પૂર્વે અવસાન થયું હોય આજરોજ તેની વિધિ હોય જેથી પરિવારના સભ્યો વ્હેલી સવારના જાગી ગયા હતા.દરમિયાન રસોઈ કરવા જતા ગેસ સિલિન્ડરના રેગ્યુલેટરમાં લીકેજ થવાના લીધે આગ ભભૂકી ઉઠી હતી. જો કે ગેસનો બાટલો તુરંત જ ફળિયામાં રાખી દઈ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા આ ઘટનામાં ઘરમાં મોટું નુકસાન કે જાનહાની થવા પામી નથી. આગ ઓલવવાની આ કામગીરીમાં રામાપીર સ્ટેશનના ઓફિસર વિજયભાઈ તથા સ્ટાફ રોહિતભાઈ કટારા, ધ્રુવભાઈ ત્રિવેદી, મેહુલભાઈ સહિતનાઓ સાથે રહ્યા હતા.

# માળિયાના નવા અંજીયાસરમાં હડકાયા શ્વાનનો આતંકઃ 10 લોકોને બચકા ભર્યા

## સરકારી દવાખાને સુવિધા ન મળતા તમામ ઈજાગ્રસ્તો મોરબી સિવિલમાં ખસેડાયા

**સિટી ન્યૂઝ@માળીયામિંયાણા**

માળિયા (મીયાણા) તાલુકાના નવા અંજીયાસર ગામે આજે વહેલી સવારે એક હડકાયા શ્વાને ભારે આતંક મચાવ્યો હતો. ગામના લોકો સવારે નિત્યક્રમ તથા રોજિંદા કામકાજ અર્થે નીકળ્યા હતા, તે વેળાએ અચાનક ધસી આવેલા શ્વાને રસ્તે જતા લોકોને નિશાન બનાવી ઉપરાઉપરી બચકા ભર્યા હતા. આ હુમલામાં મહિલાઓ અને બાળકો સહિત કુલ ૧૦ લોકોને ઈજાઓ પહોંચતા સમગ્ર ગામમાં દોડધામ અને ભયનો માહોલ સર્જાયો હતો.



ઘટના બાદ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકના માળિયા સરકારી દવાખાને લઈ જવામાં આવ્યા હતા. જોકે, ત્યાં યોગ્ય સારવાર અને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાને કારણે તમામ દર્દીઓને વધુ સારવાર અર્થે મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવાની ફરજ પડી હતી. માળિયા તાલુકા મથકે કટોકટીના સમયે પૂરતી આરોગ્ય સેવાઓ ન મળતા ગ્રામજનોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો અને આરોગ્ય સુવિધાઓ ત્વરિત સુધારવા માંગ ઊઠી છે.

ઈજાગ્રસ્તોમાં રેહાન અવેશ (ઉંમર ૧૫ વર્ષ), રુકસાના શાહમદાર (ઉંમર ૨૫ વર્ષ), દેશામામદ અબ્દુલ (ઉંમર ૩૧ વર્ષ), જલાઉદીન કાજેડીયા (ઉંમર ૨૩ વર્ષ), હામીદાબેન નુરમહમદ (ઉંમર ૪૫ વર્ષ)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત અન્ય ૫ લોકો સહિત કુલ ૧૦ ગ્રામજનો આ હુમલાનો ભોગ બન્યા છે, જેમાં ૨ બાળકો અને ૨ થી ૩ મહિલાઓનો સમાવેશ થાય છે. હાલ તમામ ઈજાગ્રસ્તો મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ છે.

# શહેરમાં બાળકને મારી નાખવાની ધમકી આપી પરિણીતા સાથે દુષ્કર્મ

## વહેલી સવારે આવી પાંચ વખત હવસનો શિકાર બનાવ્યાની ફરિયાદ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરના યુનિવર્સિટી રોડ પર ભગતસિંહ ગાર્ડનની પાછળ આવેલા ગુ.હા. બોર્ડના ત્રણ માળિયા ક્વાર્ટર્સમાં રહેતી પરિણીતાએ દૂરના સગાં સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે. નામ આ બનાવમાં યુનિવર્સિટી પોલીસ મથક વિસ્તારમાં રહેતી ૨૭ વર્ષીય પરિણીતાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ગુ.હા.બોર્ડના ત્રણ માળિયા ક્વાર્ટર્સ, ભગતસિંહ ગાર્ડનની પાછળ, દલસુખ મનુભાઈ વઢવાણિયા (ઉં.વ.૧૯)નું આપ્યું છે. ફરિયાદ મુજબ તા.૧૮ જુલાઈના રોજ સવારે આશરે સાડા પાંચ વાગ્યે આ દલસુખ મહિલાના ઘરે આવ્યો હતો. મહિલાના પુત્રને રમાડવાના બહાને આવેલા શખ્સે મહિલા સાથે શારીરિક અડપલાં કરતાં તેણે વિરોધ કર્યો હતો. ત્યારે આરોપીએ મહિલાના પતિ અને પુત્રને જોઈ લેવાની ધમકી આપી બળજબરીથી શારીરિક સંબંધ બાંધ્યો હતો. ત્યાર બાદ પણ આ શખ્સે ચારથી પાંચ વખત દુષ્કર્મ આચર્યું હતું. યુનિવર્સિટી પોલીસે આરોપીને ઝડપી લીધો છે અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.





# અજરામર સંઘમાં 35 તપસ્વીઓની ઐતિહાસિક તપશ્ચર્યા સાથે ક્ષમાપના

સિટી ન્યૂઝ@રાજકોટ

અજરામર સંઘ રાજકોટમાં પર્યુષણ પર્વની ઉજવણી અંતર્ગત આલોચના-ક્ષમાપના પર્વ અને વિશિષ્ટ તપશ્ચર્યાના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્ય ભાવચંદ્રજી સ્વામીની નિશ્રામાં સંવત્સરી પર્વ નિમિત્તે પૂજ્ય છોટે ગુરૂદેવ વિમલચંદ્રજી સ્વામીએ અઢી કલાક સુધી ભાવરસધારા સાથે વર્ષભરની ૧૮ પાપસ્થાનક, ૨૫ મિથ્યાત્વ, પચરિવારિક ક્ષમાપના અને મિચ્છામી દુક્કડમના શબ્દભાવ દ્વારા સેંકડો ભાવિકોને આલોચના કરાવી હતી.અજરામર સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં ત્રણ માળ સુધી ભાવિકોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિ રહી હતી. શ્રાવક-શ્રાવિકાઓએ સામાયિક અને પૈષધવ્રત સાથે આ ધાર્મિક આરાધનાનો લાભ લીધો હતો.



## સંવત્સરી પર્વે વિમલચંદ્રજી સ્વામીએ અઢી કલાક ભાવરસધારાથી સેંકડો ભાવિકોને આલોચના કરાવી

આલોચનાપોથી વ્હોરાવવાનો લાભ સેજલબેન મેહુલભાઈ ટોળિયાએ લીધો હતો. ચાતુર્માસ દરમિયાન વિવિધ તપશ્ચર્યાઓમાં કુલ ૮૪ આરાધકોએ લાભ લીધો હતો. તેમાં ૪૫ ઉપવાસ, ૩૧/૧, ૩૦/૩, ૧૬/૪, ૧૧/૧, ૯/૫, અઠાઈ-30 છ અને ૫ ઉપાસના સહિતની તપશ્ચર્યાઓનો સમાવેશ થાય છે. આ ૮૪ આરાધકોમાં ૩૫ સિદ્ધિતપના તપસ્વીઓ મોખરે રહ્યા હતા.

આચાર્ય ભાવગુરૂદેવની નિશ્રામાં આ વર્ષે અજરામર સંપ્રદાય તેમજ ગુજરાત-રાજકોટના સ્થાનકવાસી સમાજમાં સૌથી મોટી તપશ્ચર્યા અહીં થઈ હોવાનું જણાવાયું હતું. તપસ્વીઓના સમૂહ પારણાનો લાભ સરલાબેન શાંતિલાલ શાહ અને મીતલબેન મહેશભાઈ શાહે લીધો હતો. આજના ક્ષમાપના પ્રવચન બાદ અજરામર ગુરૂ ગાદી ત્યાગ ભંડાર-રાજકોટની દાનપેટીઓની ઉછામણીમાં લાભ લેવાનો અવસર નયનાબેન ગિરિશભાઈ ગાંધીને મળ્યો હતો. મધુકાન્તભાઈ ખંધાર અને કમલેશભાઈ શાહે દાન અર્પણ કર્યું હતું. સંઘે દાનભંડારની રકમ જીવદયા અને વૈયાવચ્ચ માટે ઉપયોગમાં લેવાની જાહેરાત કરી હતી. લાભાર્થી પરિવારે ગુરૂ ભગવંતોની વૈયાવચ્ચ માટે રૂ. ૫૧,000 અર્પણ કર્યા હતા. તપ સાધિકા ઓમકાર આચાર્યજીના ૩૧ ઉપાસના કળશના પચ્ચખાણ અને સાંજીનો કાર્યક્રમ તા. ૧૯ સપ્ટેમ્બરે સવારે ૯:00 કલાકે અજરામર ઉપાશ્રય ખાતે યોજાશે. તા. ૨૦ સપ્ટેમ્બર, રવિવારે સવારે ૮:30 કલાકે સમૂહ સામાયિક અને ત્યારબાદ સવારે ૯:30 કલાકે તપસ્વીઓના પારણાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ પ્રસંગે સંઘના અતિથિગૃહમાં એક રૂમના દાતા તરીકે સંગીતા મનોજ દોઢીવાળા અને દીપા વિરાટ દોઢીવાળાનું સન્માન કરવામાં આવ્યું હતું.

# રાજકોટમાંથી પરપ્રાંતીય પરિવારની સગીર દીકરી લાપતા થતા અપહરણની ફરિયાદ

સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરના ૮૦ ફૂટ રોડ, વાવડી વિસ્તારમાં રહેતા પરપ્રાંતીય પરિવારની ૧૬ વર્ષ ૮ મહિનાની સગીરા લાપતા થતાં તાલુકા પોલીસમાં અપહરણની ફરિયાદ નોંધાઈ છે. તા. ૫ સપ્ટેમ્બરની રાત્રે પાડોશી મહિલાના ઘરે મોબાઈલમાં ફિલ્મ જોવા ગયેલી સગીરા સવારે ઘરે મળી આવી ન હતી. પરિવારે શોધખોળ શરૂ કર્યા બાદ તા. ૭ સપ્ટેમ્બરે પિતાના મોબાઈલ પર અજાણ્યા નંબર પરથી સગીરાનો ફોન આવ્યો હતો. તેણે હું ટ્રેનમાં છું, ઓરિસ્સા જાઉં છું, તમને પછી ફોન કરીશ કહી ફોન કાપી નાખ્યો હતો. પરિવારજનોએ ઓરિસ્સામાં સગા-સંબંધીઓ તથા સસરાના ઘરે તપાસ કરી હતી, પરંતુ સગીરા મળી આવી નહોતી. કોઈ અજાણ્યો શખ્સ સગીરાને લલચાવી-ફોસલાવી વાલીપણામાંથી ભગાડી ગયો હોવાની શંકા વ્યક્ત કરી પિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. સગીરા ગુમ થઈ ત્યારે સફેદ ટી-શર્ટ અને સફેદ નાઈટ પેન્ટ પહેરેલી હતી. તાલુકા પીઆઇ એસ.આર. મેઘાણીની રાહબરીમાં એએસઆઇ ડી.સી. જોષીએ તપાસ હાથ ધરી છે.

## હું ઓરિસ્સા જાવ છું, પછી ફોન કરીશ કહી દીકરીએ ફોન કાપી નાખ્યો

# મોદી સ્કૂલ્સના 39મા રક્તદાન કેમ્પમાં 185 બોટલ રક્ત એકત્ર

» સ્વ. પી.વી. મોદી સાહેબની જન્મજયંતિ નિમિત્તે સિવિલ હોસ્પિટલના દર્દીઓ માટે રક્તદાન કેમ્પ યોજાયો

સિટી ન્યૂઝ@રાજકોટ



ડો. દર્શિતાબેન શાહ તથા મોદી સ્કૂલ્સના મેનેજિંગ ટ્રસ્ટી ડો. રશ્મીકાંત મોદીના પિતાશ્રી સ્વ. પી.વી. મોદી સાહેબની જન્મજયંતિ નિમિત્તે રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓના લાભાર્થે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી ૩૯મા મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ ઉત્સાહભેર રક્તદાન કરી કુલ ૧૮૫ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું.

પ્રવર્તમાન ચોમાસાની સીઝનમાં હોસ્પિટલોમાં રક્તની જરૂરિયાત વધતી હોય છે. રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સમગ્ર સૌરાષ્ટ્રમાંથી દર્દીઓ નિશુલ્ક સારવાર માટે આવતા હોવાથી હાલ તમામ પ્રકારના બ્લડ ગ્રુપની તાતી જરૂરિયાત હોવાનું જણાવાયું હતું. જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર નિશુલ્ક રક્ત મળી રહે તે માટે વધુમાં વધુ લોકો રક્તદાન કરે તેવી અપીલ કરવામાં આવી છે.

મોદી સ્કૂલ્સ દ્વારા દર વર્ષે ૩થી ૪ મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે. અત્યાર સુધીમાં સંસ્થા દ્વારા કુલ ૩૮ મહારક્તદાન કેમ્પ યોજવામાં આવ્યા છે, જેમાં ૭,૧૮૭ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું છે. આ રક્ત જરૂરિયાતમંદ દર્દીઓ માટે જીવનરક્ષક સાબિત થયું છે.

રાજકોટના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે દીપ પ્રાગટ્ય કરી કેમ્પનું ઉદઘાટન કર્યું હતું. તેમણે રક્તદાતાઓને પ્રોત્સાહિત કરી સેવાકીય પ્રવૃત્તિમાં જોડાવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

કેમ્પ દરમિયાન રક્તદાન કરી અમૂલ્ય માનવજીવન બચાવવામાં નિમિત્ત બનનાર તમામ રક્તદાતાઓનો ડો. દર્શિતાબેન શાહ, ડો. રશ્મીકાંત મોદી, ધવલ મોદી, આત્મન મોદી, નિધિ મોદી, મોદી સ્કૂલ સ્ટાફ પરિવાર તથા શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીએ આભાર વ્યક્ત કર્યો હતો.સંસ્થા દ્વારા લોકોને પોતાના જન્મદિવસ, સ્મૃતિદિવસ અથવા અન્ય પ્રસંગોએ રક્તદાન કેમ્પ યોજવા અપીલ કરવામાં આવી છે. તેમજ રાજકોટ સિવિલ હોસ્પિટલના લાભાર્થે રક્તદાન, ચક્ષુદાન, અંગદાન, સ્કીનદાન અને જીવદયા સહિતના સેવાકાર્યો માટે શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી (94282 00660)નો સંપર્ક કરવા જણાવાયું છે.



# વરસાદ ખેંચાતા ખેડૂતોના પાક બચાવવા નર્મદાનું પાણી છોડાવાયું

## પૂર્વ મંત્રી ગોવિંદ પટેલે સૌની યોજનાનો વાલ્વ ખોલાવી નર્મદા નીરના વધામણાં કર્યા

સિટી ન્યૂઝ@કાલાવડ

વરસાદ ખેંચાતા ખેડૂતોના મહામૂલા પાકને બચાવવા માટે ડાંગરવાડા, નાના વડાલા, માખાકરોડ, મેટીયા, ડેરી સહિતના ગામોને લાભ મળે તે માટે સૌની યોજનામાંથી નર્મદાનું પાણી છોડાવવામાં આવ્યું હતું. પૂર્વ મંત્રી ગોવિંદ પટેલની રજૂઆત બાદ સંબંધિત અધિકારીઓએ પાણી છોડતાં ઉપરોક્ત ગામોના ખેડૂતોને સિંચાઈ માટે રાહત મળશે. પાણી છોડાવવા માટે ગોવિંદ પટેલે નર્મદા જળ વ્યવસ્થાપન વિભાગના અધિકારીઓ તેમજ કાલાવડના ધારાસભ્ય મેઘજીભાઈને ટેલિફોનિક રજૂઆત કરી હતી. વરસાદ ખેંચાતા પાકને પાણીની જરૂરિયાત ઊભી થઈ હોવાથી સૌની યોજનાના નર્મદા નીરનો વાલ્વ ખોલાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડાંગરવાડાના સરપંચ મુકેશભાઈ કાકડીયા, ઉપસરપંચ તથા પૂર્વ સરપંચ રામજીભાઈ કાછડીયા, ગામના આગેવાન મનસુખ કાકડીયા, નાના વડાલાના સરપંચ સુરેશભાઈ ગોલતર, જિલ્લા પંચાયત સભ્ય અતુલભાઈ કમાણી, તાલુકા પંચાયત સભ્ય ભાવેશભાઈ મારકણા સહિત બંને ગામોના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. નર્મદાનું પાણી છોડાવવામાં સહયોગ બદલ આગેવાનોએ પૂર્વ મંત્રી ગોવિંદ પટેલનું હારતોરાથી સન્માન કરી આભાર વ્યક્ત કર્યો હતો. પાણી મળતાં વરસાદની ખેંચ વચ્ચે ખેડૂતોના પાકને બચાવવામાં મદદ મળશે તેવી આશા ખેડૂતોમાં વ્યક્ત કરવામાં આવી છે.

# રાજકોટ પોલીસ LCBમાં ફરજ બજાવતા ધર્મરાજસિંહ ઝાલાનો જન્મદિવસ



સિટી ન્યૂઝ@રાજકોટ

પોલીસ વિભાગમાં પોતાની કર્તવ્યનિષ્ઠા, પ્રમાણિકતા, બહાદુરી અને સેવાભાવથી ફરજ બજાવી સમાજની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવામાં આપનું યોગદાન ખરેખર પ્રશંસનીય છે.આપ હંમેશા સ્વસ્થ, સુખી અને ખુશ રાખે, જીવનમાં સતત પ્રગતિ અને સફળતા મળે તથા આવનારું દરેક વર્ષ આપના જીવનમાં નવી સિદ્ધિઓ અને ખુશીઓ લઈને આવે તેવી હાર્દિક શુભકામનાઓ.

ॐ ह्रीं श्री गांगजीऋषये नमो नमः
ॐ ह्रीं तपस्वी माणेकचंद्रजी गुरो मम रक्ष रक्ष
JAIN SANKALP TRUST
JIWO
દ્વારા સંચાલિત
JAIN BHOJANALAY જૈન ભોજનાલય
ગોંડલ સંપ્રદાયના ગાદીપતિ પૂજ્ય ગુરુદેવ શ્રી ગિરીશચંદ્રજી સ્વામીનાં સુશિષ્ય
ગુજરાતરત્ન પૂજ્ય શ્રી સુશાંતમુનિ મહારાજ સાહેબ,
પ. પૂ. પન્યાસ પ્રવર શ્રી વજ્રસેન વિજયજી મહારાજાનાં સુશિષ્ય
આચાર્યદેવ પ. પૂ. શ્રી મનમોહનસૂરીશ્વરજી મહારાજા તથા
આચાર્યદેવ પ. પૂ. શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા
મહામંત્ર પ્રભાવક પૂજ્ય ગુરુદેવ શ્રી જગદીશમુનિ મહારાજ સાહેબનાં સુશિષ્ય
સદગુરુદેવ પૂજ્ય શ્રી પારસમુનિ મહારાજ સાહેબ
ની કૃપા એવં શુભ પ્રેરણા જૈન ભોજનાલય રાજકોટ ને પ્રાપ્ત થઈ રહી છે.
અમો સર્વ આત્માઓને સંવત્સરી મહાપર્વ નિમિત્તે
આત્મીયતાનાં ભાવ સાથે ખમાવીએ છીએ.
જૈન ભોજનાલય
રાજકોટ ટ્રસ્ટીગણ

# રાજકોટમાં MD ક્લબના વેલકમ નવરાત્રી રાસ તાલનું આયોજન




## ચાર ઓક્ટોબરે વિરાણી હાઈસ્કૂલ ગ્રાઉન્ડમાં ખેલૈયાઓ ઝૂમશે; આકર્ષક ઈનામોની વણઝાર

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શારદીય નવરાત્રીના આગમન અને નવલા નોરતાને વધાવવા રાજકોટ શહેરમાં MD ક્લબ દ્વારા વેલકમ નવરાત્રી રાસ તાલ-૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. રાસનો રંગ, તાલનો સંગ થીમ આધારિત આ ગરબા મહોત્સવ તા. ૪ ઓક્ટોબર, રવિવારના રોજ સાંજે ૭:૦૦થી રાત્રે ૧૧:૦૦ કલાક દરમિયાન ટાગોર રોડ સ્થિત વિરાણી હાઈસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે યોજાશે.

કુબેર કાર્ડના પાવર્ડ અને આર.ડી. ઈવેન્ટ્સ તથા સિટી ન્યૂઝના વિશેષ સહયોગથી યોજાનારા આ ગરબા મહોત્સવમાં રાજકોટના ખેલૈયાઓને પ્રાચીન અને અર્વાચીન ગરબાના તાલે મન મૂકીને ઝૂમવાનો અવસર મળશે. પારિવારિક માહોલમાં યોજાનારા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેલૈયાઓ જોડાય તેવી શક્યતા છે.

MD ક્લબ દ્વારા આ વર્ષે યુવાધન માટે ખાસ ગરબા પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું છે. વિવિધ રંગબેરંગી અને પારંપરિક વસ્ત્રોમાં સજ્જ થઈ માતાજીની આરાધના કરતા ઉત્કૃષ્ટ ખેલૈયાઓને પસંદ કરી અનેક આકર્ષક પારિતોષિકોથી સન્માનિત કરવામાં આવશે.

ગરબા પ્રતિયોગિતામાં પરંપરાગત વેશભૂષા, ગરબાની રજૂઆત અને ઉત્સાહભેર ભાગ લેનારા ખેલૈયાઓ માટે ખાસ ઈનામો રાખવામાં આવ્યા છે. જેના કારણે યુવાધનમાં પણ આ આયોજનને લઈને ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આ કાર્યક્રમની વિશેષતા તરીકે ખેલૈયાઓ માટે સાકરયુક્ત ખીર એટલે કે ક્ષીરનો શુદ્ધ પ્રસાદ પણ પીરસવામાં આવશે. ભાદરવા મહિનાના આકરા તાપને કારણે થતા પિત્તના શમન માટે ખીરના પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હોવાનું આયોજકોએ જણાવ્યું છે.

ગરબા સાથે પરંપરા, સંસ્કૃતિ અને આરોગ્યનો સમન્વય થાય તેવા હેતુથી આ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

આ ભવ્ય કાર્યક્રમને સફળ બનાવવા MD ક્લબના આયોજકો હાર્દિક વ્યાસ, રવિ ઢાંકેચા, વરુણ કાનાબાર, કલ્પેશ ડોડીયા અને યશ મકવાણા સહિતની ટીમ જહેમત ઉઠાવી રહી છે. જગમગતી રોશની અને ગરબાના તાલે યોજાનારા આ પર્વમાં સહભાગી થવા આયોજકો તથા શુભેચ્છકોએ રાજકોટની જનતાને ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

# ચમત્કારિક હનુમાનજી મંદિરના ગણપતિ મહોત્સવમાં સંતનું દિવ્ય પ્રવચન યોજાયું

## રુદ્રેશ્વર જાગીર આશ્રમના મહંત ઈન્દ્રભારતીજી મહારાજે યુવાનોને ધર્મ અને રાષ્ટ્રભક્તિનો સંદેશ આપ્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ચમત્કારિક હનુમાનજી મંદિર દ્વારા આયોજિત ૧૭ માં ગણપતિ મહોત્સવ દરમિયાન પ્રથમ દિવસે રૂદ્રેશ્વર જાગીર આશ્રમ જુનાગઢ ના મહંત ઈન્દ્રભારતીજી મહારાજ પધાર્યા હતા જેમને યુવાનોને ધર્મ ભક્તિ સાથે રાષ્ટ્ર ભક્તિ અંગે દિવ્ય પ્રવચન આપ્યું હતું આ તકે ક્ષત્રિય સમાજના અગ્રણી અને પત્રકાર પ્રતિપાલસિંહ ગોહિલ તથા કોર્પોરેટર જયરાજસિંહ જાડેજા સહિતના મહાનુભાવોનું ફુલહાર અને ખેસ પહેરાવી સ્વાગત ચમત્કારિક ધામ ના પ્રમુખ ધર્મેન્દ્રભાઈ ભગત કાર્યકારી પ્રમુખ અને એડવોકેટ ગીરીરાજસિંહ રાઠોડ મંદિર ટ્રસ્ટી નીરુભા વાઘેલા કૃષ્ણદેવસિંહ ગોહિલ યોગરાજ સિંહ રાણા આશિષભાઈ ગોહિલ જયેશભાઈ માલવી યોગેશભાઈ પોપટ દિલીપ સિંહ જાડેજા વેજા ગામ સુરેશભાઈ પટેલ મેઘજીભાઈ શિંગાળા જીતુભાઈ ચંદારાણા ઘનશ્યામભાઈ ભટ્ટ રાજુભાઈ ઘેલાણી વિક્રમસિંહ પરમાર સંજયભાઈ તન્ના સહિતના દ્વારા કરવામાં આવ્યું હતું



# ગણેશ ચતુર્થીના પાવન પર્વે સૂચક પબ્લિકેશને M.Comના નવા કોર્સના પુસ્તકોનું વિમોચન

## NEP 2020ના અભ્યાસક્રમ મુજબ ગુજરાતી-અંગ્રેજી માધ્યમમાં સમાન કન્ટેન્ટ સાથે પુસ્તકો તૈયાર

**સિટી ન્યૂઝ@રાજકોટ**




ગણેશ ચતુર્થીના પાવન પર્વે રાજકોટની સુચક પબ્લિકેશન દ્વારા M.Comના નવા કોર્સના પુસ્તકોનું ભવ્ય વિમોચન કરવામાં આવ્યું હતું. સાક્ષીપના ઋષિગણોના હસ્તે લોંચિંગ કરવામાં આવેલા આ પુસ્તકો ગુજરાત યુનિવર્સિટીના નવા અભ્યાસક્રમ મુજબ તૈયાર કરવામાં આવ્યા છે. પુસ્તકોમાં ગુજરાતી અને અંગ્રેજી બંને માધ્યમમાં સમાન તથા ડિજિટલ કન્ટેન્ટ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. ગણેશ ચતુર્થી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં ગણપતિજીની મૂર્તિ સ્થાપના અને દર્શન સહિત ધાર્મિક વિધિઓ યોજાઈ હતી. પ્રસંગે રાજકોટના મેયર શ્રીમતી નયનાબેન પેઢડિયા, ધારાસભ્ય રમેશભાઈ તિલાળા તેમજ વરિષ્ઠ રાજકીય નેતા વિજયભાઈ વાળા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

સુચક પબ્લિકેશન દ્વારા તૈયાર કરાયેલા M.Comના પુસ્તકોમાં NEP ૨૦૨૦ના નવા અભ્યાસક્રમને ધ્યાનમાં રાખવામાં આવ્યો છે. પુસ્તકોમાં અભ્યાસક્રમ સરળ બને તે માટે વિવિધ વિષયોને સરળ ભાષામાં રજૂ કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓને વિષય સમજવામાં સરળતા રહે અને પરીક્ષાની તૈયારી વધુ મજબૂત બને તેવા પ્રશ્નો તથા જવાબો પણ સમાવાયા છે.

પુસ્તકોમાં એક્ઝામ સરળ ભાષા સાથે ટોપિક પ્રશ્નો અને પ્રશ્નોત્તરીની વિશેષતા રાખવામાં આવી છે. વિવિધ વિષયોના ટોપિકના આધારે પ્રશ્નો અને જવાબો આપવામાં આવ્યા છે, જેથી વિદ્યાર્થીઓને પરીક્ષા માટે ઉપયોગી સામગ્રી એક જ સ્થળે મળી રહે.

વિદ્યાર્થીઓની પરીક્ષા તૈયારી માટે પુસ્તકોમાં મોડેલ પ્રશ્નપત્રોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. વિષયવાર મોડેલ પેપરના આધારે વિદ્યાર્થીઓ પ્રશ્નોના જવાબો લખવાની પ્રેક્ટિસ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. અગાઉના પ્રશ્નપત્રોના સંદર્ભ માટે Reference પણ આપવામાં આવ્યું છે.

આ ઉપરાંત ડિજિટલ લર્નિંગને ધ્યાનમાં રાખીને સુચક પબ્લિકેશનના સુચક ઈ-લર્નિંગ એપ્લિકેશન પ્લેટફોર્મ પર ઓડિયો બુક અને વીડિયો લેકચરની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વિદ્યાર્થીઓને પુસ્તકો ખરીદવા સાથે આ કોર્સનો લાભ કોઈ વધારાના ખર્ચ વિના મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.સુચક પબ્લિકેશનના ફાઉન્ડર અને પ્રોપ્રાઈટર ધર્મેન્દ્ર સૂર્યે જણાવ્યું હતું કે ઉચ્ચ શિક્ષણને ગુણવત્તાયુક્ત, સરળ અને આધુનિક બનાવવા સંસ્થાનો મુખ્ય હેતુ છે. ગણેશ ચતુર્થીના પાવન દિવસે લોન્ચ થયેલા આ પુસ્તકો વિદ્યાર્થીઓ માટે ઉપયોગી બની રહેશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.આ સમગ્ર કાર્યક્રમમાં સુચક પબ્લિકેશનની ટીમ સહિત રિયા મનાણી, રિયા કાછેલા, પ્રિયાંશી વાઘેલા અને હિરલ જાડેજાએ આયોજનમાં સહયોગ આપ્યો હતો. કાર્યક્રમમાં શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા મહાનુભાવો અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.





# કોસ્મો કોમ્પ્લેક્સમાં ગણપતિ મહારાજની ભવ્ય સ્થાપના અને ધાર્મિક કાર્યક્રમો યોજાશે

## 14 સપ્ટેમ્બરે સ્થાપના-મહાઆરતી, 15મીએ વિસર્જન; મહિલા કોલેજ ચોક ખાતે આયોજન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના મહિલા કોલેજ ચોક ખાતે આવેલા કોસ્મો કોમ્પ્લેક્સમાં શ્રી ગણપતિ મહારાજના પાવન પર્વની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૪ સપ્ટેમ્બર, સોમવારના રોજ ગણપતિ મહારાજની સ્થાપના સાથે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. આ પ્રસંગે ભક્તજનોને ગણેશજીના દર્શન અને આશીર્વાદનો લાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.ધાર્મિક કાર્યક્રમોના ભાગરૂપે તા. ૧૪ સપ્ટેમ્બરે સવારે ૭:૦૦ કલાકે શ્રી મહાગણેશાયન યજ્ઞનું આયોજન કરવામાં આવશે. વૈદિક મંત્રોચ્ચાર અને વાજિંત્રોના મધુર સૂર સાથે યજ્ઞ યોજાતા સમગ્ર વાતાવરણ ભક્તિમય બનશે. ત્યારબાદ સવારે ૧૦:૦૦ કલાકે શ્રી ગણપતિજીની સ્થાપના કરવામાં આવશે. ગણેશ મહોત્સવ દરમિયાન સાંજે ૫:૦૦ કલાકે શ્રી સત્યનારાયણ ભગવાનની કથા યોજાશે. રાત્રે ૮:૦૦ કલાકે શ્રી ગણપતિ મહારાજની ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. ધાર્મિક કાર્યક્રમોમાં ભક્તો મોટી સંખ્યામાં જોડાય તેવી અપેક્ષા છે.તા. ૧૫ સપ્ટેમ્બર, મંગળવારના રોજ સાંજે ૪:૦૦ કલાકે શ્રી ગણપતિજીના વિસર્જનનું આયોજન કરવામાં આવ્યું છે. બે દિવસીય ધાર્મિક કાર્યક્રમો દરમિયાન ભક્તિમય માહોલ વચ્ચે ગણપતિ મહારાજની આરાધના કરવામાં આવશે.આ પાવન ધાર્મિક પ્રસંગે ઉપસ્થિત રહી શ્રી ગણેશજીના દર્શન તથા આશીર્વાદનો લાભ લેવા અને ભક્તિમય વાતાવરણને શોભાવવા ભક્તજનોને હાર્દિક ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.





# ગુજરાત રાજ્યના ગૃહ મંત્રી અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની પાલિતાણાની મુલાકાતે

સિટી ન્યૂઝ@ગોતમ ગોસ્વામી-પાલીતાણા

પાલીતાણા મા ચાલી રહેલા જૈન ચાતુર્માસમાં હાજરી આપી પાલિતાણા ખાતે આવેલ નવરત્નધામ ખાતે યોજાઈ રહેલા પવિત્ર જૈન ચાતુર્માસ પ્રસંગે ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને ગૃહ મંત્રી હર્ષભાઈ સંઘવીએ હાજરી આપી હતી પૂજ્ય બંધુ ત્રિપુટી પૂજ્ય મુનિરાજ શ્રી આગમ રત્નસાગરજી મહારાજ સાહેબ, પૂજ્ય મુનિરાજ પ્રશમરત્નસાગરજી મહારાજ સાહેબ તથા પૂજ્ય મુનિરાજ પ્રજરત્નસાગરજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં ચાલી રહેલા આ ચાતુર્માસમાં નાયબ મુખ્યમંત્રીએ મહારાજ સાહેબના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા આ પ્રસંગે તેમણે પાલીતાણા ખાતે ઉપસ્થિત સાધુ સાધ્વીજી ભગવંતો દર્શન કરી ધન્યતા અનુભવી હતી ચાતુર્માસના લાભાર્થી હંસાબેન ચંદ્રકાન્તભાઈ ચોકસી પરિવાર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.



# યાત્રાધામ વીરપુરમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીથી ખેડૂતોના ચહેરા ખીલી ઊઠ્યા

સિટી ન્યૂઝ@ગૌરવ ગાજીપરા-વીરપુર

રાજકોટ જિલ્લાના વિખ્યાત યાત્રાધામ વીરપુરમાં સોમવારે સવારથી આકાશમાં વાદળો ઘેરાયેલા જોવા મળ્યા હતા. દિવસભર વાદળછાયું વાતાવરણ અને ઉકળાટ વચ્ચે લોકો પરેશાન રહ્યા બાદ સાંજના સમયે અચાનક મેઘરાજાએ ધોધમાર વરસાદ સાથે એન્ટ્રી કરી હતી. વરસાદ શરૂ થતાં જ વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને લોકોને ગરમી તથા બફારામાંથી રાહત મળી હતી.

સાંજના સમયે વરસાદે જોર પકડતા વીરપુર અને આસપાસના વિસ્તારોમાં વરસાદી માહોલ છવાઈ ગયો હતો. લાંબા સમય બાદ વરસાદ વરસતા રસ્તાઓ ભીંજાઈ ગયા હતા અને યાત્રાધામનું વાતાવરણ પણ આહલાદક બની ગયું હતું. વાદળોના ગડગડાટ સાથે વરસેલા વરસાદથી લોકોમાં આનંદ જોવા મળ્યો હતો.

વીરપુર પંથકના ખેડૂતો માટે પણ આ વરસાદ રાહતના સમાચાર લઈને આવ્યો છે. વરસાદના અભાવે પાકને લઈને ચિંતા અનુભવતા ખેડૂતોને મેઘરાજાની મહેરથી

## કપાસ, મગફળી અને સોયાબીનના પાકને જીવતદાન મળતાં ખેડૂતોમાં રાહત

હવે જરૂરી ભેજ મળવાની આશા જાગી છે. ખાસ કરીને કપાસ, મગફળી અને સોયાબીન સહિતના પાક માટે આ વરસાદ ફાયદાકારક સાબિત થવાની સંભાવના છે.

વરસાદી માહોલ સર્જાતા ખેતરોમાં પણ ચહલપહલ વધી હતી. પાકને પાણીની જરૂરિયાત વચ્ચે વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. વીરપુર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદના પગલે આશાનું વાતાવરણ સર્જાયું છે.

છેલ્લા કેટલાક દિવસોથી વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો માટે મેઘરાજાની આ એન્ટ્રી મહત્વપૂર્ણ બની છે. પાકને વરસાદનો વધુ લાભ મળે અને આગામી દિવસોમાં પણ સારો વરસાદ વરસે તેવી ખેડૂતો આશા રાખી રહ્યા છે. વરસાદથી એક તરફ લોકોને ઉકળાટમાંથી રાહત મળી છે તો બીજી તરફ ખેતી માટે પણ વરસાદ આશીર્વાદરૂપ બનતા સમગ્ર વીરપુર પંથકમાં ખુશીનો માહોલ છવાયો છે.

# રજત સંઘવીની રાજકોટ સમસ્ત વણિક એકતા મંચ પ્રમુખપદે નિમણૂક

સિટી ન્યૂઝ@રાજકોટ

નવનાતના વણિકોની એકતા અને ઉત્કર્ષ માટે કાર્ય કરતી વિશ્વ વણિક સામાજિક સંગઠન પ્રેરિત સમસ્ત વણિક એકતા મંચની રાજકોટ શહેર શાખાના પ્રથમ પ્રમુખ તરીકે જાણીતા એડવોકેટ રજતભાઈ સંઘવીની સર્વસંમતિથી નિમણૂક કરવામાં આવી છે. એક અઠવાડિયામાં રાજકોટ શાખા કાર્યરત કરવામાં આવશે અને ભવ્ય પદગ્રહણ કાર્યક્રમ યોજાશે.



છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી છબીલદાસ મહેતાએ સ્થાપેલી વિશ્વ વણિક સામાજિક સંગઠન સંસ્થા વિવિધ વાડા અને ફિરકામાં વહેંચાયેલા વણિક સમાજને એક મંચ પર લાવી તેમના ઉત્કર્ષ, એકતા અને સમૃદ્ધિ માટે કાર્ય કરી રહી છે. સંગઠન દ્વારા ગામે-ગામ અને શહેરોમાં સમસ્ત વણિક એકતા મંચની શાખાઓ ખોલવામાં આવી રહી છે.રાજકોટ શહેરના પ્રથમ પ્રમુખ તરીકે રજતભાઈ સંઘવીની ભારે બહુમતી અને સર્વસંમતિથી પસંદગી કરવામાં આવી છે. રાષ્ટ્રીય કાર્યકારણીની બેઠકમાં તેમની નિમણૂકને અધ્યક્ષ ભરતભાઈ ડેલીવાળા સહિત પ્રકાશભાઈ સોની, ચંદ્રકાંતભાઈ શેઠ, મુકેશ ધોળકિયા, અતુલભાઈ મોદી, જયેશભાઈ ધ્રુવ, વિજયભાઈ ધોળકિયા, પ્રો. વી.એસ. દામાણી, અમિતભાઈ શેઠ, નીલેશભાઈ કગથરા, પંકજભાઈ મહેતા, અમિતભાઈ મહેતા, પીયુષભાઈ મહેતા, કમલેશભાઈ શાહ, મનોજભાઈ ડેલીવાળા, ભાયાભાઈ સાહોલીયા, રવિભાઈ શાહ, નરેશભાઈ કૈલા, અશ્વિનભાઈ પટેલ, કિશોરભાઈ શાહ, રાજુભાઈ શાહ, નટુભાઈ ભુવતાણી, પરિમલભાઈ મોદી અને સુરેશભાઈ કામદાર સહિતના આગેવાનોએ આવકારી હતી.

તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ રાજકોટ શાખાની પ્રથમ કારોબારી સમિતિની બેઠક યોજાશે. તેમાં દશા સોરઠીયા, વિસા વણિક, મોઢ વણિક, સ્થાનકવાસી-દેરાવાસી જૈનના વિવિધ ફિરકા, દશા શ્રીમાળી સોની, દેશી, પરદેશી, હાલારી અને ઝાલાવાડી સહિતના ફિરકાઓના આગેવાનો ઉપસ્થિત રહેશે.

તંબોળી, પાંચા, કપોળ, ખડાયતા, અગ્રવાલ, ઓસવાલ સહિતના વણિક સમાજના પ્રમુખો અને અગ્રણીઓ પણ હાજર રહેશે. રાજકોટ શહેરના તમામ ફિરકાના પ્રમુખોને રાજકોટ શાખામાં કાયમી અતિથિ વિશેષ તરીકે કારોબારી સમિતિમાં સ્થાન આપવામાં આવશે.

સમસ્ત વણિક એકતા મંચ રાજકોટ શાખા વણિકશ્રી અને પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીની સ્મૃતિમાં દર વર્ષે વણિક તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારંભ યોજશે. તેજસ્વી વણિક વિદ્યાર્થીઓને પુરસ્કાર અને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવશે.

રાજકોટ શાખા દ્વારા વિવિધ ફિરકાઓને એક મંચ પર લાવી સમાજની એકતા, શિક્ષણ અને પ્રગતિને વેગ આપવાના પ્રયાસો કરવામાં આવશે.



# સાહિત્ય સેતુએ રાજકોટના 21 શબ્દસાધકોનું શબ્દ બ્રહ્મ સન્માન

સિટી ન્યૂઝ@રાજકોટ

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ, ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા સમાજમાં વિચારદાન, જ્ઞાન, સંવાદ અને સકારાત્મક ભાવના ફેલાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપતા શબ્દસાધકોનું શબ્દ બ્રહ્મ સન્માન અભિવાદન કાર્યક્રમ યોજાયો હતો. વિવિધ વર્તમાનપત્રો, સામયિકો અને અન્ય માધ્યમોમાં કોલમ લખતા કટાર લેખકો, પ્રસંગિક લેખકો તેમજ ચર્ચાપત્રો લખતા ચર્ચાપત્રીઓ પૈકી ૨૧ શબ્દસાધકોનું લાગણીસભર સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે સાહિત્ય સેતુના સંયોજક અનુપમ દોશીએ સૌનું સ્વાગત કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે કાર્યક્રમમાં ૨૫ લોકોને સન્માન માટે આમંત્રિત કરવામાં આવ્યા છે અને આગામી દિવસોમાં અન્ય શબ્દસાધકોનું પણ અભિવાદન કરવામાં આવશે.

સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા વર્ષોથી કોલમ લખતા કટાર લેખકો ડો. રમેશભાઈ ભાયાણી, નિલેશ પંડ્યા, અરૂણ દવે, બાલેન્દુ જાની, વિઠલભાઈ વઘાસિયા, આર.પી. જોષી, નટવર આહલપરા, એસ.બી. ગોહિલ અને ધર્મેન્દ્રસિંહ રાઠોડનું સન્માન કરાયું હતું.

તેમજ પ્રસંગિક લેખો અને ચર્ચાપત્રો લખતા બાબુભાઈ મેનપરા, પ્રવીણભાઈ ગજ્જર, વિનુભાઈ ઝગડા, હિંમતભાઈ લાબડિયા, કુમારભાઈ ગાંધી, ભરતભાઈ અંજારિયા, રાજદીપભાઈ જોષી, કમલ જરોલી, પરેશ રાજગોર, ફોરમ ગાંધી, પ્રદીપ ટોળિયા, નટુભાઈ ચૌહાણ અને પ્રભુભાઈ થોરિયાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

સન્માનિત શબ્દસાધકોને પુષ્પગુચ્છ, ખેસ, પુસ્તક અને પેન અર્પણ કરી શાલ ઓઢાડવામાં આવી હતી. આ સાથે શબ્દની સાધના સદા કરતા રહે અને માં શારદાના આશીર્વાદ અવિરત વરસતા રહે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

**કટાર લેખકો, પ્રસંગિક લેખકો અને ચર્ચાપત્રીઓનું અભિવાદન; કલમને સમાજ માટે કાર્ય કરવાની પ્રેરણા**

સન્માનના પ્રતિભાવમાં શબ્દસાધકો નીલેશ પંડ્યા અને બાબુભાઈ મેનપરાએ સાહિત્ય સેતુના આ નવતર પ્રયાસને બિરદાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આવા સન્માનથી કલમને વધુ જવાબદારીપૂર્વક સમાજ માટે કાર્ય કરવાની પ્રેરણા મળે છે.

આ પ્રસંગે કવિ પ્રદીપ રાવલ, હરનેશભાઈ સોલંકી, શરદભાઈ દવે, પ્રણવ બક્ષી, નરેન્દ્રભાઈ વિઠલાણી, કે.જે. માવાણી, પરેશભાઈ પંડ્યા, ભરતભાઈ ત્રિવેદી, મહેન્દ્રભાઈ કક્કડ, પરેશભાઈ અંતાણી, પરેશભાઈ દવે, પિયુષભાઈ હિંડોચા સહિતના સાહિત્યપ્રેમીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અનુપમ દોશીએ કર્યું હતું, જ્યારે અંતે જનાર્દન આચાર્યે આભારવિધિ કરી હતી. આયોજનની સફળતા માટે હસુભાઈ શાહ, સુધીર દત્તા, જયેન્દ્રભાઈ મહેતા, પ્રકાશ હાથી, દિનેશભાઈ ગોવાણી, વિપુલભાઈ ભટ્ટ, ઉપમન્યુભાઈ રાવલ અને રમેશ શિશાંગીયા સહિતના કાર્યકરોએ કામગીરી સંભાળી હતી.



# વોર્ડ 13 ભાજપ કિસાન મોરચાના મંત્રી ઉદય ગઢવીના નિવાસસ્થાને ભક્તિભાવથી ગણેશ સ્થાપના

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ વોર્ડ નંબર ૧૩ના ભારતીય જનતા પાર્ટીના કિસાન મોરચાના મંત્રી ઉદયભાઈ હમીરભાઈ ગઢવીના શિવનગર-૭ સ્થિત દેવાશિષ મકાન ખાતે શ્રી ગણપતિ મહારાજનું ભક્તિભાવપૂર્વક સ્થાપન કરવામાં આવ્યું હતું. પરિવારજનો દ્વારા વિધિવત્ પૂજન-અર્ચન કરી ગણપતિ બાપ્પાના આશીર્વાદ લેવામાં આવ્યા હતા. સ્થાપના પ્રસંગે પરિવારજનો અને શુભેચ્છકોએ ઉપસ્થિત રહી ગણપતિ દાદાની આરાધના કરી હતી.

# રીબડાથી પીછો કરી ગોંડલ ચોકડી પાસે કાર અથડાવી યુવાન પર હુમલો

## પૂર્વ પત્ની સાથે પ્રેમ સંબંધ બાબતે થયેલા ઝઘડાનો ખાર રાખી માર માર્યો

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના રામનાથપરામાં ભવાનીનગર મેઈન રોડ પર રહેતા અને કોઠારિયા સોલવન્ટ પાસે કારખાનામાં મેનેજર તરીકે નોકરી કરતા વિકી ચાવડા (ઉ.વ.૨૭)ની કારનો પીછો કરી શહેરની ભાગોળે ગોંડલ ચોકડી બ્રીજ પાસે ડીવાઈડર સાથે અથડાવી સ્કોર્પિયોમાં બેઠેલા આરોપી ઇમરાન ઉર્ફે પપ્પુ, મીલન ઉર્ફે લલીયો તેની સાથેના અજાણ્યા શખ્સે માર માર્યોની ફરિયાદ આજી ડેમ પોલીસમાં નોંધાઈ છે.આજી ડેમ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, ગઈ તા.૬ના રોજ રાત્રે તે તેના પત્ની જલ્પાબેન, પુત્ર વિવેક તથા સંબંધી જયનાબેન કારમાં જૂનાગઢથી રાજકોટ આવતા હતા. રીબડા ગામે એક સ્પોર્પિયો ગાડી પીછો કરતી હતી. આરોપીઓ સ્કોર્પિયો તેની કારની બાજુમાં ચલાવતા હતા. ગોંડલ ચોકડી ઓવરબ્રિજ પાસે પહોંચતા સ્કોર્પિયો તેની કાર પાસે દબાવતા તેની કાર ટ્રક સાથે અથડાઈને બ્રિજના ડીવાઈડર સાથે ભટકાઈ હતી બાદમાં આરોપીઓએ સ્કોર્પિયોમાંથી ઉતરી તેને કારમાંથી ઉતારીને ગડદાપાટુનો માર માર્યો હતો. આૈસપાસના લોકો એકઠા થતા આરોપીઓ સ્કોર્પિયોમાં જતા રહ્યા હતા. દોઢ વર્ષ પહેલા પત્ની સપનાને છૂટાછેડા આપ્યા હતા. તેને આરોપી ઈમરાન ઉર્ફે પપ્પુ સાથે પ્રેમસંબંધ હોવાથી તેની સાથે રહેતી હોય જેબાબતે માથાકૂટ થઈ હતી. જેનો ખાર ' રાખી હુમલો કર્યો હોવાનું જણાવાયું છે.



# રાજકોટ કા મહારાજાની મહાઆરતીમાં બ્રહ્મ સમાજના અગ્રણીઓ જોડાયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરના હાર્દ સમા ડો. યાજ્ઞિક રોડ, જાગનાથ પોલીસ ચોકી પાસે રાજકોટ કા મહારાજા ગણેશ મહોત્સવનું સતત ૧૮મા વર્ષે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ગણેશ મહોત્સવના પ્રથમ દિવસે ઢોલ-નગારાના ગગનભેદી નાદ, વૈદિક મંત્રોચ્ચાર અને ગણપતિ બાપ્પાના જયઘોષ વચ્ચે શ્રીજીની ભવ્ય પધરામણી કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહી બાપ્પાના દિવ્ય દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને સમગ્ર પંડાલ ગણપતિ બાપ્પા મોરિયાના જયઘોષથી ગુંજી ઉઠ્યો હતો.

પ્રથમ દિવસે સાંજે ૫:૦૦ કલાકે વિઘ્નહર્તા, મંગલમૂર્તિ અને સિદ્ધિવિનાયક શ્રી ગણપતિ દાદાની પધરામણી કરવામાં આવી હતી. ઢોલ-નગારાના નાદ અને ભક્તોના જયઘોષ વચ્ચે બાપ્પાનું સ્વાગત કરાયું હતું. પ્રખર શાસ્ત્રીજીના સ્વમુખે કરવામાં આવેલા વૈદિક મંત્રોચ્ચારથી સમગ્ર વાતાવરણ ભક્તિમય અને આધ્યાત્મિક બની ગયું હતું.

રાત્રે ૮:૦૦ કલાકે યોજાયેલી પ્રથમ મહાઆરતીમાં બ્રહ્મ સમાજના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. અમદાવાદના પ્રભારી તથા બ્રહ્મ સમાજના અગ્રણી કશ્યપભાઈ શુક્લા, બ્રહ્મ સમાજના પ્રમુખ દર્શિતભાઈ જાની, પ્રખર ધારા શાસ્ત્રી અંશભાઈ ભારદ્વાજ, ઔદીચ્ય ઝાલાવાડ પ્રમુખ ડો. અતુલભાઈ વ્યાસ સહિતના આગેવાનો અને સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખની બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

શુક્લ-ભારદ્વાજ પરિવાર તથા ભૂદેવ સેવા સમિતિના પરિવાર દ્વારા શ્રદ્ધાભાવથી ગણેશજીની મહાઆરતી કરવામાં આવી હતી. મહાઆરતી દરમિયાન દીવડાની દિવ્ય રોશની, ઘંટનાદ, વૈદિક મંત્રોચ્ચાર અને ગણપતિ બાપ્પાના જયઘોષથી સમગ્ર પંડાલ ભક્તિના રંગે રંગાઈ ગયો હતો. ભક્તોએ વિઘ્નહર્તાના આશીર્વાદ મેળવી પરિવાર અને શહેરની સુખ-શાંતિ તથા સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી.

ગણેશ મહોત્સવના પ્રથમ દિવસના મુખ્ય કાર્યક્રમમાં ભૂદેવ સેવા સમિતિની નવી વેબસાઈટનું પણ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. કશ્યપભાઈ શુક્લના હસ્તે વેબસાઈટનું



## દુંદાળા દેવના પંડાલમાં ભૂદેવ સેવા સમિતિ સંસ્થાની વેબસાઈટ કશ્યપભાઈ શુક્લના હસ્તે લોંચ કરવામાં આવી

વિધિવત્ લોન્ચિંગ કરાયું હતું. વેબસાઈટના માધ્યમથી સમિતિની ધાર્મિક, સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ તેમજ ગણેશ મહોત્સવ દરમિયાન યોજાતા વિવિધ કાર્યક્રમોની માહિતી સમાજ સુધી સરળતાથી પહોંચાડવામાં આવશે.

આધુનિક ટેક્નોલોજી સાથે ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓને જોડવાના પ્રયાસરૂપે આ વેબસાઈટ મહત્વપૂર્ણ પગલું બની રહેશે. વેબસાઈટ પર ભૂદેવ સેવા સમિતિ દ્વારા વર્ષ દરમિયાન યોજાતા કાર્યક્રમો અને વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની વિગતો પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી સમાજના નાગરિકોને કાર્યક્રમોની માહિતી સરળતાથી મળી રહે.

ગણેશ મહોત્સવના બીજા દિવસે, તા. ૧૫ સપ્ટેમ્બરે સાંજે ૭:૦૦ કલાકે બાળકો માટે ક્રિએટિવ આર્ટ, ક્લે આર્ટ અને પેઈન્ટિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. બાળકોમાં રહેલી સર્જનાત્મકતા અને કલાત્મક અભિવ્યક્તિને પ્રોત્સાહન મળે તેમજ ધાર્મિક સંસ્કારો સાથે બાળકો જોડાય તે હેતુથી આ આયોજન કરાયું છે. સ્પર્ધામાં ભાગ લેનારા બાળકોએ સાંજે ૬:૩૦ કલાકે મહોત્સવ સ્થળે પહોંચવાનું રહેશે.

આ ઉપરાંત રાત્રે ૮:૦૦ કલાકે ગણપતિ દાદાની ભવ્ય મહાઆરતી અને રાત્રે ૯:૦૦ કલાકે શ્રી ગણપતિ અથર્વશીર્ષના પાવન પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. અથર્વશીર્ષના મંત્રોચ્ચારથી મહોત્સવ સ્થળે આધ્યાત્મિક માહોલ સર્જાશે.

ભૂદેવ સેવા સમિતિના સંસ્થાપક તેજસ ત્રિવેદીએ શહેરના નાગરિકો અને ભક્તજનોને કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું છે. ખાસ કરીને બાળકોને ક્રિએટિવ આર્ટ અને પેઈન્ટિંગ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા તથા ધર્મપ્રેમી નાગરિકોને અથર્વશીર્ષના પાવન પાઠનો લાભ લેવા તેમણે અનુરોધ કર્યો છે.

રાજકોટ કા મહારાજાનો ૧૮મો ગણેશ મહોત્સવ શ્રદ્ધા, સંસ્કાર, સેવા, એકતા અને સનાતન પરંપરાના સંગમરૂપે ઉજવાઈ રહ્યો છે. ગણપતિ બાપ્પાના આશીર્વાદથી રાજકોટ શહેરમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સદભાવના જળવાઈ રહે તેવી ભાવના સાથે મહોત્સવની ભક્તિમય ઉજવણી આગળ વધી રહી છે.

# ઈવનિંગ પોસ્ટમાં સિનિયર સિટિઝનો માટે 4 દિવસ સંગીત સંધ્યા આયોજન

## 16થી 20 સપ્ટેમ્બર દરમિયાન વિવિધ ગ્રુપની સંગીતમય રજૂઆતો યોજાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સરગમ ક્લબ સંચાલિત સિનિયર સિટિઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ ખાતે સિનિયર સિટિઝનો માટે ચાર દિવસ વિવિધ સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૬, ૧૮, ૧૯ અને ૨૦ સપ્ટેમ્બરના રોજ સાંજે ૫:૩૦ કલાકે આ કાર્યક્રમો યોજાશે.




તા. ૧૬ સપ્ટેમ્બરે ઓમ ઈન્ટરનેશનલ કુરિયર એન્ડ કાર્ગોના સહયોગથી સંગીત સંધ્યા યોજાશે. તા. ૧૮ સપ્ટેમ્બરે ઉમર ઝેડ એન્ડ પાર્ટી, તા. ૧૯ સપ્ટેમ્બરે સ્વરમ ગ્રુપ અને તા. ૨૦ સપ્ટેમ્બરે સ્વર સાધના દ્વારા સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે.

સરગમ ક્લબના ઈવનિંગ પોસ્ટના સભ્યોને જ કાર્યક્રમમાં પ્રવેશ આપવામાં આવશે. સભ્યોએ પ્રવેશ સમયે પોતાનું આઈકાર્ડ સાથે લાવવું ફરજિયાત રહેશે અને આઈકાર્ડ વિના પ્રવેશ આપવામાં આવશે નહીં. તમામ સભ્યોને કાર્યક્રમમાં સમયસર હાજર રહેવા જણાવાયું છે.

કાર્યક્રમને સફળ બનાવવા સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટના ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોલંકી, બિપિનભાઈ ઠાકર, ઉમર નુરમામદ ઝેડા, દિનેશભાઈ શુક્લ અને એચ.પી. પટેલ સહિતના કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યા છે.




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| VEEGALAND DEVELOPERS | 10/9 | 15/9 | 130 - 140 | 107 | 14,980 |
| MANIKA PLASTECH | 11/9 | 16/9 | 40 - 43 | 348 | 14,964 |
| HERO MOTORS | 16/9 | 18/9 | 79 - 84 | 178 | 14,952 |
| JINDAL SUPREME (INDIA) | 16/9 | 18/9 | 88 - 93 | 161 | 14,973 |
| SS RETAIL | 16/9 | 18/9 | 403 - 424 | 35 | 14,840 |
| SONASELECTION INDIA | 17/9 | 21/9 | 94 - 99 | 150 | 14,850 |
| NATIONAL STOCK EXCHANGE OF INDIA | 17/9 | 21/9 | 1700 - 1785 | 8 | 14,280 |
| **SME DETAILS** | | | | | |
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| PANCHATV BHARAT | 10/9 | 15/9 | 140 | 2000 | 2,80,000 |
| RAKSAN TRANSFORMERS | 10/9 | 15/9 | 258 - 273 | 800 | 2,18,400 |
| OM GALAXY | 10/9 | 15/9 | 85 - 90 | 3200 | 2,88,000 |
| MAHARAJA & SPEEDEX INDIA | 10/9 | 15/9 | 177 - 186 | 1200 | 2,23,200 |
| CENTURY BUSINESS MEDIA | 11/9 | 16/9 | 70 - 74 | 3200 | 2,36,800 |
| INJECTO POLYMERS | 11/9 | 16/9 | 90 - 100 | 2400 | 2,40,000 |
| QUANTO AGROWORLD | 15/9 | 17/9 | 67 | 4000 | 2,68,000 |
| SHAKTI POLYTARP | 15/9 | 17/9 | 56 - 59 | 4000 | 2,36,000 |
| VAMA WOVENFAB | 15/9 | 17/9 | 324 - 341 | 800 | 2,72,800 |
| KHERIA AUTOCOMP | 17/9 | 21/9 | 96 - 101 | 2400 | 2,42,400 |
| SPECTRAA TECHNOLOGY SOLUTIONS | 17/9 | 21/9 | 112 - 118 | 2400 | 2,83,200 |
| AXIOM GAS ENGINEERING | 18/9 | 22/9 | 50 - 53 | 4000 | 2,12,000 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- ટ્રેન્ટ લિ.એ જણાવ્યું છે કે ‘ઝુડિયો’ દ્વારા ૧,૦૦૦ સ્ટોરનો આંકડા પાર કર્યો છે.
- જીપીટી ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ લિ.એ જણાવ્યું છે કે કંપનીને સીએસટીઈ કોન, ઈસ્ટર્ન રેલવે, કોલકતા પાસેથી રૂ.૮૫.૫૩ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- મિલ્કી મિસ્ટ ડેરી ફૂડ લિમિટેડે તમિલનાડુના પેરુન્ડુરાઈમાં તેની ઉત્પાદન સુવિધા ખાતે સ્કાયર અને ગ્રીક યોગર્ટ માટે ૪૦ કરોડનો નવો ઉત્પાદન પ્લાન્ટ શરૂ કર્યો , જેનાથી તેની પ્રક્રિયા ક્ષમતા દરરોજ ૧૫૦ ટન થઈ છે.
- ૩આઈ ઈન્ફોટેક લિ.એ જણાવ્યું છે કે કંપનીને ભારતમાં અગ્રણી કોમોડિટી એક્સચેન્જ પાસેથી તેની ડિઝાસ્ટર રિકવરી કામગીરીને ટેકો આપવા માટે વધારાના રિસોર્સિસ માટે ખરીદ ઓર્ડર મળ્યો છે.
- બ્રહ્મપુત્રા ઈન્ફ્રાસ્ટ્રકચર લિ.એ જણાવ્યું છે કે રોડ ઓવર બ્રીજના બાંધકામ માટે ભારતના પ્રેસિડેન્ટ સાથે કરાર કર્યા છે.
- ડેક્કન ગોલ્ડ માઈન્સ લિ. માટે આ એક ઐતિહાસિક સિદ્ધિ છે. કિર્ગિઝ રિપબ્લિકના રાષ્ટ્રપતિ શ્રી સાદિર એન. જાપારોવ દ્વારા ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ એક ઓનલાઈન સમારોહ દ્વારા આ પ્લાન્ટનું સફળતાપૂર્વક ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે.
- વિક્રમ સોલાર લિ.એ આંધ્ર પ્રદેશમાં એક સોલાર પ્રોજેક્ટ માટે ૧૨૪ મેગાવોટના મોડ્યુલ સપ્લાયનો ઓર્ડર મેળવ્યો છે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**